# આપણું યુજીવીસીએલ

UGVCL

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

અંક-૫૧, ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૯



## ગાંધીનગર ખાતે ગ્રામ્ય વિભાગીય કચેરીનું લોકાર્પણ



**હિંમતનગર વિભાગીય કચેરીના તાબા હેઠળના રણાસણ પેટાવિભાગીય કચેરીનો લોકાર્પણ સમારોહ**



**ભાદરવી પૂનમ મેળામાં યુજીવીસીએલ દ્વારા સુદઢ વીજ વિતરણ તેમજ વીજ પુરવઠા અંગેની યશસ્વી કામગીરી**

# આ અંકમાં

**અંક–૫૧**
**ઓગસ્ટ–સપ્ટેમ્બર ૨૦૧૯**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**


**સંરક્ષક**
શ્રી મહેશ સિંઘ, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી શૈલેશ એ. નાયક, ઇન્ચાર્જ મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)

**સંકલન સહાયક**
શ્રી મિતેષ વૈષ્ણવ, સિનિયર આસિસ્ટન્ટ (કોર્પોરેટ કમ્યુનિકેશન)

**તંત્રી મંડળ**
શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી વી. એમ. શ્રોફ, ઇન્ચાર્જ, મુખ્ય ઇજનેર (પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ) એન્ડ સી.એફ.ઓ.
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એલ. એ. ગઢવી, વિશેષ મુખ્ય ઇજનેર, પાલનપુર
શ્રી સી. જે. રાજપાલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી પી. સી. શાહ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી આર. ડી. ઝાલા, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી જી. ડી. પટેલ, અધિક્ષક ઇજનેર (ટેક.)

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા.

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com


**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
pro@ugvcl.com
mitesh@ugvcl.in

## આ અંકમાં


**ઉજવણી**
» યુજીવીસીએલ પરિવાર દ્વારા ૭૩મા સ્વતંત્રતા દિવસની ઉજવણી.......... ૦૪

**લોકાર્પણ**
» ગાંધીનગર ખાતે ગ્રામ્ય વિભાગીય કચેરીનું લોકાર્પણ...... ૦૬

**ભારદવી પૂનમ**
» ભાદરવી પૂનમ મેળામાં યુજીવીસીએલ દ્વારા સુદૃઢ વીજ વિતરણ તેમજ વીજ પુરવઠા અંગેની યશસ્વી કામગીરી.... ૦૬

**લોકાર્પણ**
» હિંમતનગર વિભાગીય કચેરીના તાબા હેઠળના રણાસણ પેટાવિભાગીય કચેરીનો લોકાર્પણ સમારોહ...... ૧૦

**ભારદવી પૂનમ**
» હિંમતનગર વર્તુળ કચેરી દ્વારા પણ ભાદરવી પૂનમ મેળા અંગે કરવામાં આવેલ કામગીરી.............. ૧૧

**ટ્રેનિંગ**
» ગુણવત્તાસભર તથા પૂર્ણ માત્રામાં ટ્રેનિંગ દ્વારા અનોખો રાહ ચીંધતું જીઇકેસી સાબરમતી................ ૧૨

**સંક્ષિપ્ત સમાચાર**
» સરકારશ્રી દ્વારા સૂર્ય ગુજરાત સ્કીમના લાભાર્થીઓનું બહુમાન............................... ૧૪
» વિંઝોલ પેટા વિભાગીય કચેરીની નવીન ઓફિસનું ઉદ્‌ઘાટન............................. ૧૪
» સાબરમતી ખાતે ''મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના'' હેઠળ નિમણૂકપત્ર એનાયત સમારંભ................. ૧૫
» હિંમતનગર ખાતે ''મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના'' હેઠળ નિમણૂકપત્ર એનાયત સમારંભ................ ૧૫


**વિદાય સમારંભ**
» નિવૃત્ત અધિકારીઓ માટે યોજાયો વિદાય સમારંભ........ ૧૬
» નિવૃત્ત થનાર શ્રી જે.એલ. ભટ્ટ માટે યોજાયો વિદાય સમારંભ ૧૬

**કાવ્યધારા** ૧૭

**ચેસ**
» ૧૪મી ઇન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટનું આયોજન.......... ૧૮

**કારકિર્દી પરિચય**
» મુખ્ય ઇજનેર શ્રી પી.બી. પંડ્યાનો કારકિર્દી પરિચય...... ૧૯
» ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર શ્રી વી.એમ. શ્રોફનો કારકિર્દી પરિચય.... ૧૯

# સંદેશ



**ગયા મહિને આપણી કંપનીના એક જાહેર કાર્યક્રમ દરમિયાન માનનીય ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલે યુજીવીસીએલ કંપનીની કામગીરીની મુક્તકંઠે પ્રશંસા કરી અને આપ સૌની કામગીરીને દિલથી બિરદાવી.**

**પ્રિય કર્મચારી મિત્રો,**

'આપણું યુજીવીસીએલ' ન્યૂઝલેટરનો આ એકાવનમો અંક છે! આ ન્યૂઝલેટરના માધ્યમથી કંપનીના દરેક કર્મચારી વચ્ચે સંવાદનો એક સેતુ રચાયો છે. આવનારા અંકો આપણા સંબંધને હજી વધુ ગાઢ બનાવશે એવી હું અપેક્ષા રાખું છું.

આ અંક આપના હાથમાં પહોંચશે ત્યાં દિવાળીનો શુભ તહેવાર નજીક આવી પહોંચ્યો હશે, પરંતુ હમણાં કંઇક એવું બની ગયું કે આપણને સૌને દિવાળી પહેલાં જ, દિવાળીના તહેવાર જેટલી ખુશાલી થાય!

ગયા મહિને આપણી કંપનીના એક જાહેર કાર્યક્રમ દરમિયાન માનનીય ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલે યુજીવીસીએલ કંપનીની કામગીરીની મુક્તકંઠે પ્રશંસા કરી અને આપ સૌની કામગીરીને દિલથી બિરદાવી.

મારા માટે આ ખરેખર અત્યંત ગૌરવની ક્ષણો હતી. આપ સૌએ મારો વિશ્વાસ સાચો ઠરાવ્યો. મેં આ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર તરીકે કાર્યભાર સંભાળ્યો ત્યારે મને અંદાજ હતો જ કે હું એક ગૌરવશાળી અને પ્રતિભાશાળી કંપનીની જવાબદારી સંભાળી રહ્યો છું. આપણી કંપનીએ અત્યાર સુધીમાં જે પ્રતિષ્ઠા મેળવી છે અને ખાસ તો આપણા રાજ્યના માનનીય ઊર્જા મંત્રીશ્રીનો વિશ્વાસ જીત્યો છે એ બતાવે છે કે આપ સૌ આપની ફરજ કેટલી કર્તવ્યનિષ્ઠા સાથે બનાવી રહ્યા છો.

આપણી કંપની સતત ગ્રાહકલક્ષી અભિગમ દાખવે છે અને ગ્રાહકોની સેવાનાં સ્તર નિરંતર નવી ઊંચાઈએ પહોંચાડવા માટે પ્રયત્નશીલ રહે છે. એ દિશામાં આગળ વધતાં હમણાં આપણે રણાસણ તથા ગાંધીનગરની ગ્રામ્ય વિભાગીય કચેરીના નવનિર્મિત મકાનોનું લોકાર્પણ કર્યું. સરકાર તરફથી આપણને આ માટે મંજૂરી મળી અને આપણે તેના પર તરત અમલ કર્યો. મને વિશ્વાસ છે કે નવાં, વધુ સુવિધાજનક મકાનોમાં કામ કરવાથી કર્મચારીઓને સગવડ મળશે તેમજ તેઓ ગ્રાહકોને વધુ સારી સેવાઓ આપી શકશે.

હમણાં આપણા કાર્યક્ષેત્રમાંના પવિત્ર યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમના મેળા દરમિયાન વિશ્વસનીય વીજ પુરવઠો જાળવી રાખવા માટે આપણા કર્મચારીઓએ દિવસ-રાત જહેમત ઉઠાવી એ વાતનું પણ મને ગૌરવ છે. સફળતાની સૂત્રધાર એવી સમગ્ર ટીમને હું હૃદયપૂર્વક અભિનંદન આપું છું.

પ્રકાશના પર્વ દિવાળી નિમિત્તે હું આપને તથા આપના પરિવારના સૌ સદસ્યોને સુખ, શાંતિ અને સમૃદ્ધિની શુભેચ્છાઓ પાઠવું છું. નવું વર્ષ આપણા સૌ માટે ગૌરવની અનેક નવી ક્ષણો લાવે એવી શુભકામના.

**મહેશ સિંઘ,** આઇએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# યુજીવીસીએલ પરિવાર દ્વારા ૭૩મા સ્વતંત્રતા દિવસની ઉજવણી

## માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની રજી. કચેરી, મહેસાણાના પ્રાંગણમાં કંપનીના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ, આઈ.એફ.એસ.ની પ્રેરક ઉપસ્થિતિમાં તારીખ ૧૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ ૭૩મા સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેના અનુસંધાને શ્રી મહેશ સિંઘ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો.



*રાષ્ટ્રધ્વજને સલામી આપતા મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ*

સ્વતંત્રતા દિવસની ઉજવણી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ખૂબ જ ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી પી.આર. ચૌધરી ભૂતપૂર્વ જોઇન્ટ મેનેજિંગ ડિરેક્ટર, ભૂતપૂર્વ એક્ઝિક્યુટીવ ડિરેક્ટર, ભૂતપૂર્વ મુખ્ય ઇજનેર તેમજ કંપનીના જનરલ મેનેજર (ફાયનાન્સ) અને સી.એફ.ઓ. શ્રી આર.બી. કોઠારી, ઇન્ચાર્જ મુખ્ય ઈજનેર (પ્રોક્યોરમેન્ટ) શ્રી વી.એમ. શ્રોફ, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી, વિશેષ મહાપ્રબંધક (માનવ સંશાધન) શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક.) શ્રી જે.કે. દરજી, વિશેષ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ એન્ડ રીન્યુએબલ એનર્જી) શ્રી જી.એચ. એન્જિનીયર, જેટકોના અધિક્ષક ઇજનેર, મહેસાણા શ્રી સી.વી. સમ્રાટ અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, નિવૃત્ત કર્મચારીઓ અને તેઓના પરિવારજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

આ પ્રસંગે ધ્વજવંદન સાથે ‘‘જન ગણ મણ’’ ગીત ગવાતા જાણે દેશભક્તિની લહેર પ્રસરી ગઈ હોય તેવું વાતાવરણ છવાઈ ગયું હતું.

પ્રાસંગિક ઉદ્બોધનમાં શ્રી સિંઘે જણાવ્યું હતું કે તાજેતરમાં આપણી કંપનીને પી.ટી.સી. એક્સલન્સ એવાર્ડ મળેલ છે જે દર્શાવે છે કે કંપનીના દરેક ઉચ્ચ અધિકારીથી માંડીને નીચેના તમામ કર્મચારી પોતાની કામગીરી પ્રત્યે કેટલા સજાગ અને કર્તવ્યનિષ્ઠ છે. આ અંગે શ્રી સિંઘે તમામ અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

યુજીવીસીએલની વિવિધ કચેરીઓમાં ઓનલાઈન બીલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા બાબતે જે-તે કચેરીઓના વડાઓને સર્ટીફીકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા તથા વિવિધ રમતગમત ક્ષેત્રે કંપનીનું નામ રોશન કરનાર કર્મચારીઓ તેમજ શૈક્ષણિક ક્ષેત્રે કંપનીને ગૌરવ અપાવનાર કર્મચારીઓનાં તેજસ્વી બાળકોને પ્રશસ્તિપત્ર તેમજ રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન, શ્રી મહેશ સિંઘ તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓના વરદ્ હસ્તે મુખ્ય મંત્રી એપ્રેન્ટિસશીપ યોજના અંતર્ગત મહેસાણા વર્તુળ કચેરીના કાર્યક્ષેત્રમાં એપ્રેન્ટીસશીપ માટે પસંદગી પામેલા ઉમેદવારોને નિમણુંક અંગેના હુકમ એનાયત કરવામાં આવેલ.

શ્રી મહેશ સિંઘ અને અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા વૃક્ષારોપણ કરી પર્યાવરણ વિષે જાગૃતિ ફેલાવવામાં આવી હતી અને ઉત્સાહપૂર્વક વિવિધ રોપાઓને







રોપીને પર્યાવરણની જાળવણીનું મહત્ત્વ દર્શાવેલ.

આ સાથે રજૂ થયેલાં દેશભક્તિનાં ગીતોને શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા અને સમગ્ર વાતાવરણમાં અનન્ય દેશભક્તિનું મોજું ફરી વળ્યું હતું.

મહેસાણા વર્તુળ કચેરીના અને રજી. કચેરીના અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓના સંયુક્ત પ્રયાસથી સ્વતંત્રતા દિવસની ઉજવણીનું સુયોગ્ય આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમના અંતમાં હાજર તમામ અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈ-બહેનો, બાળકો અને નિવૃત્ત કર્મચારીઓએ આનંદપૂર્વક અલ્પાહાર ગ્રહણ કર્યો હતો.

## મેરિટ એવોર્ડ મેળવનાર ધોરણ ૧૦નાં બાળકોની યાદી

| નામ અને કર્મચારી સાથેનો સંબંધ | કમચારીનું નામ અને હોદ્દો | કામનું સ્થળ | ટકાવારી | મેરિટ એવોર્ડની વિગત |
|---|---|---|---|---|
| નિસર્ગી, સુપુત્રી | શ્રી એન.એમ. જોષી, કંપની સેક્રેટરી | આરએન્ડસી, મહેસાણા | ૯૬.૨૦ | રૂ. ૨૫૦/- અને સર્ટિફિકેટ |
| દેવ, સુપુત્ર | શ્રી એસ.બી. લિમ્બાચીયા, ઇલે. આસી. | ઉંઝા સીટી સબડિવિઝન | ૯૨.૦૦ | રૂ. ૨૫૦/- અને સર્ટિફિકેટ |
| દક્ષ, સુપુત્ર | શ્રી કે.ડી. પ્રજાપતિ, સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર સીઓ | ૯૦.૩૩ | રૂ. ૨૫૦/- અને સર્ટિફિકેટ |
| રવિ, સુપુત્ર | શ્રી એસ. એચ. પટેલ, સીની. આસી. | વિસનગર સીટી સબડિવિઝન | ૮૯.૬૬ | રૂ. ૨૫૦/- અને સર્ટિફિકેટ |
| ખદીજા, સુપુત્રી | શ્રી એમ.યુ. પોથીગરા, સીની. આસી. | વિસનગર ડીઓ | ૮૯.૦૦ | રૂ. ૨૫૦/- અને સર્ટિફિકેટ |
| યશવી, સુપુત્રી | શ્રી આઈ.જી. કટારા, કાર્યપાલક ઈજનેર | આરએન્ડસી, મહેસાણા | ૮૮.૬૦ | રૂ. ૨૫૦/- અને સર્ટિફિકેટ |
| પ્રાચી, સુપુત્રી | શ્રી પી.એન. પટેલ, ઇલે. આસિસ્ટન્ટ | ઉંઝા સીટી સબડિવિઝન | ૮૭.૬૬ | રૂ. ૨૫૦/- અને સર્ટિફિકેટ |
| **મેરિટ એવોર્ડ મેળવનાર ધોરણ ૧૨નાં બાળકોની યાદી** | | | | |
| સાચી, સુપુત્રી | શ્રીમતી આર.ડી. ચૌધરી, ડે. એન્જી. | આરએન્ડસી, મહેસાણા | ૯૨.૨૦ | રૂ. ૫૦૦/- અને સર્ટિફિકેટ |

## રમત-ગમતક્ષેત્રે દેખાવ બદલ સન્માનિત કર્મચારીઓની યાદી

| કમચારીનું નામ અને હોદ્દો | કામનું સ્થળ | સન્માનની વિગત |
|---|---|---|
| શ્રીમતી સી.એચ. મોદી, ડે. સુપ્રી. (ઇએસટી) | પાલનપુર ડીઓ-૧ | વિજેતા ટીમના મેમ્બર, ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ માટેની તેલંગણા ખાતે રમાયેલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ |

## ઓનલાઇન બિલ પેમેન્ટના સૌથી વધુ ગ્રાહકો ધરાવતી સન્માનિત વિભાગીય તેમજ પેટાવિભાગીય કચેરીઓની યાદી

| સબડિવિઝન | સર્કલ/ડિવિઝન ઓફિસ | ટેકનીકલ વિભાગ | બિલિંગ વિભાગ | કેટેગરી | રેંક |
|---|---|---|---|---|---|
| જાદર | ઇડર ડિવિઝન (હિંમતનગર સર્કલ) | ડેપ્યુટી એન્જિનીયર | ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ (એકાઉન્ટ્સ) | રૂરલ (LT) | ૧ |
| કુજાડ | સાબરમતી ડિવિઝન (સાબરમતી સર્કલ) | ડેપ્યુટી એન્જિનીયર | ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ (એકાઉન્ટ્સ) | રૂરલ (LT) | ૨ |
| ગઢ | પાલનપુર-૧ ડિવિઝન (પાલનપુર સર્કલ) | ડેપ્યુટી એન્જિનીયર | ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ (એકાઉન્ટ્સ) | રૂરલ (LT) | ૩ |
| સિદ્ધપુર ટાઉન | સિદ્ધપુર ડિવિઝન (પાલનપુર સર્કલ) | ડેપ્યુટી એન્જિનીયર | ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ (એકાઉન્ટ્સ) | અર્બન (LT) | ૧ |
| કઠવાડા ઇન્ડસ્ટ્રિયલ | સાબરમતી ડિવિઝન (સાબરમતી સર્કલ) | ડેપ્યુટી એન્જિનીયર | ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ (એકાઉન્ટ્સ) | અર્બન (LT) | ૨ |
| ડિસા ટાઉન | ડિસા-૧ ડિવિઝન (પાલનપુર સર્કલ) | ડેપ્યુટી એન્જિનીયર | ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ (એકાઉન્ટ્સ) | અર્બન (LT) | ૩ |
| - | કલોલ ડિવિઝન (સાબરમતી સર્કલ) | એક્ઝિક્યુટીવ એન્જી. | સુપ્રિટેન્ડન્ટ એકાઉન્ટ્સ (આર.) | H.T. | ૧ |
| - | બાવળા ડિવિઝન (સાબરમતી સર્કલ) | એક્ઝિક્યુટીવ એન્જી. | સુપ્રિટેન્ડન્ટ એકાઉન્ટ્સ (આર.) | H.T. | ૨ |
| - | બોપલ ડિવિઝન (સાબરમતી સર્કલ) | એક્ઝિક્યુટીવ એન્જી. | સુપ્રિટેન્ડન્ટ એકાઉન્ટ્સ (આર.) | H.T. | ૩ |

# ગાંધીનગર ખાતે ગ્રામ્ય વિભાગીય કચેરીનું લોકાર્પણ

## માનનીય ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલ દ્વારા યુજીવીસીએલના કર્મઠ કર્મચારીઓની કામગીરીને બિરદાવવામાં આવેલ...



ગણેશ પુજા



તક્તિનું અનાવરણ



દિપપ્રાગટ્ય



પ્રાસંગિક ઉદ્બોધન




પરામર્શ



પ્રાસંગિક ઉદ્બોધન



કચેરીનું નિદર્શન

તા. ૧૦-૦૯-૨૦૧૯ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના ગાંધીનગર ગ્રામ્ય વિભાગીય કચેરીનું લોકાર્પણ માનનીય ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલના વરદ્ હસ્તે કરવામાં આવેલ.

આ પ્રસંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ (IFS), માનનીય ધારાસભ્યશ્રી, ગાંધીનગર (દક્ષિણ) શ્રી શંભુજી ઠાકોર અને માનનીય ધારાસભ્ય, દહેગામ, શ્રી બલરાજસિંહ ચૌહાણ, મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડયા, ઈનચાર્જ મુખ્ય ઈજનેર (પી) શ્રી વી.એમ શ્રોફ, કંપની સેક્રેટરી શ્રી એન.એમ જોષી તથા અધિક્ષક ઈજનેર શ્રી આર.ડી. ઝાલા ઉપસ્થિત રહેલ. ગાંધીનગર વિસ્તારના ગામોના સરપંચશ્રીઓ, પ્રજાજનો, કંપનીના કર્મચારીગણ અને અધિકારીઓ વિશાળ સંખ્યામાં હાજર રહેલ.

કાર્યક્રમના પ્રારંભમાં માનનીય મંત્રીશ્રી દ્વારા ગણેશ પૂજન તથા આરતી કરવામાં આવેલ. ત્યારબાદ નવરચિત ગાંધીનગર ગ્રામ્ય વિભાગીય કચેરીનું નિરીક્ષણ કરીને સંતોષની લાગણી અનુભવેલ. દીપ પ્રાગટય કરીને માનનીય મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ દ્વારા લોકાર્પણ કાર્યક્રમની શરૂઆત કરેલ. મંચ ઉપર ઉપસ્થિત મહાનુભાવોનું શબ્દો દ્વારા કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા સ્વાગત કરવામાં આવેલ. પ્રાસંગિક પ્રવચનમાં તેઓશ્રી એ જણાવેલ કે ગ્રાહકોને વીજ વિતરણની વધુ સારી સેવાઓ આપી શકાય તે માટે ૧૧ (અગીયાર) જેટલી પેટા વિભાગીય કચેરીઓ ધરાવતી ગાંધીનગર વિભાગીય કચેરીનું વિભાજન કરવા માટે માંગણીઓ આવેલ. ગ્રાહકલક્ષી અભિગમને ધ્યાનમાં રાખીને કંપની દ્વારા સાનુકૂળ પ્રતિસાદ આપીને ગાંધીનગર ગ્રામ્ય વિભાગીય કચેરીની રચના કરવામાં આવેલ છે. જેનાથી ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારના ગ્રાહકોને વધુ સારી સેવા મળી શકે તેમજ સરકારશ્રી દ્વારા તા. ૩૦-



માનનીય મંત્રીશ્રીનું સન્માન



માનનીય ધારાસભ્યશ્રીનું સન્માન



માનનીય ધારાસભ્યશ્રીનું સન્માન

૦૬-૨૦૧૯ સુધીમાં નોંધાયેલ ખેતીવાડી વીજ કનેકશનોની અરજીઓને ચાલુ વર્ષમાં વીજ જોડાણ આપવાનો લક્ષ્યાંક ત્વરિત સિધ્ધ થાય તે માટે કામગીરી હાથ ધરવા અનુરોધ કરેલ. ગુજરાત રાજયના માનનીય ઊર્જા મંત્રીશ્રીની કામગીરીનો ઉલ્લેખ કરતાં તેઓ એ જણાવેલ કે, ભારતના તમામ રાજ્યોના ઊર્જા મંત્રીઓની સરખામણીએ શ્રી સૌરભભાઈ પટેલ એક કાર્યદક્ષ અને અનુભવી મંત્રી છે.

પ્રાસંગિક પ્રવચનમાં માનનીય મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે ગાંધીનગરમાં પડેલ અતિભારે વરસાદ વચ્ચે પણ કાર્યક્રમનું સફળ આયોજન કરવા બદલ ખુશી વ્યક્ત કરેલ. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની ચારેય વીજ વિતરણ કંપનીઓ સમગ્ર ભારતમાં અગ્રક્રમ ધરાવે છે તે પૈકી યુજીવીસીએલ ચારેય કંપનીમાં વધુ અસરકારક કામગીરી કરી રહેલ છે. જે માટે કંપનીના કર્મઠ કર્મચારીઓને અભિનંદન આપી પ્રોત્સાહન પુંરૂ પાડેલ. વીજ વિતરણ અંગેની અસરકારક કામગીરી બાદ સફળતાના શિખરે પહોંચ્યા બાદ વધુ સુદ્રઢ વીજ વિતરણ વ્યવસ્થા માટે કટિબધ્ધ થવા વધુ અસરકારક ફીડર મેનેજમેન્ટ કરવા ઉપર ભાર મુકેલ. સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ આપવા માટે ગ્રાહકની ફરિયાદોનું ઓનલાઈન નોંધણી કરીને ફરિયાદના ઉકેલ બાદ કામગીરી પૂર્ણ થયાની જાણ ગ્રાહકોને કરવાની વ્યવસ્થા ઉપર ભાર મુકેલ. ખેતીવાડીના ગ્રાહકોને આપેલ લક્ષ્યાંક મુજબ નિર્ધારીત સમયમાં વીજ જોડાણ આપવા માટે અનુરોધ કરેલ.



માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીનું સન્માન



શ્રોતાજનો




કાર્યક્રમને સફળ બનાવનાર કર્મચારીઓની ટીમ





કાર્યક્રમના સમાપન સમયે કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડયા દ્વારા ઉપસ્થિત મહાનુભવોનું પોતાના અતિવ્યસ્ત કાર્યક્રમમાંથી સમય ફાળવીને ઉપસ્થિત રહેવા બદલ હૃદયપૂર્વક આભાર માનેલ. તેમજ લોકાર્પણના કાર્યક્રમને સફળ બનાવવામાં યોગદાન આપનાર સાબરમતી વર્તુળ કચેરી તથા ગાંધીનગર વિભાગીય કચેરીના કર્મચારીનો/અધિકારીઓનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ થયાનું જાહેર કરેલ.

કાર્યક્રમનું સફળ આયોજન સાબરમતી સર્કલના અધિક્ષક ઈજનેર શ્રી આર.ડી. ઝાલાના માર્ગદર્શન હેઠળ તેમજ કાર્યપાલક ઈજનેર ગાંધીનગર માલાબેન શાહ તથા કાર્યપાલક ઈજનેર ગાંધીનગર ગ્રામ્ય વિભાગીય કચેરી, શ્રી એચ.બી. પટેલના સહિયારા નેતૃત્વથી તેમના સહકર્મચારીઓની ટીમ દ્વારા કરવામાં આવેલ. ■

# ભાદરવી પૂનમ મેળામાં યુજીવીસીએલ દ્વારા સુદૃઢ વીજ વિતરણ તેમજ વીજ પુરવઠા અંગેની યશસ્વી કામગીરી

## મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘના માર્ગદર્શન હેઠળ તેમજ મુખ્ય ઇજનેર શ્રી પી.બી. પંડ્યાના નેતૃત્વ હેઠળ વિશેષ મુખ્ય ઇજનેર, પાલનપુર શ્રી એલ.એ. ગઢવીની ટીમ દ્વારા સફળ કામગીરી

ભારતભરમાં આવેલ એકાવન શક્તિપીઠો પૈકીની મુખ્ય શક્તિપીઠ એટલે ભગવતી મા અંબાજી, હિંદુ તીર્થ આરાસુરી અંબાજી ખાતે દર વર્ષને જેમ આ વર્ષે પણ તા. ૮-૯-૨૦૧૯થી તા. ૧૪-૯-૨૦૧૯ સુધી ભાદરવી પૂનમના મેળાનું આયોજન કરવામાં આવેલ. કંપનીના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘના માર્ગદર્શન હેઠળ તેમજ કંપનીના મુખ્ય ઇજનેર શ્રી પી.બી. પંડ્યાના નેતૃત્વ હેઠળ વિશેષ મુખ્ય ઇજનેર પાલનપુર, શ્રી એલ.એ. ગઢવીની ટીમ દ્વારા વિના વિક્ષેપે વીજ વિતરણની સુદૃઢ વ્યવસ્થાનું આગોતરું આયોજન કરવામાં આવેલ. અંબાજી ધામમાં વીજ વિતરણની વ્યવસ્થા કાર્યપાલક ઇજનેર પાલનપુર શ્રી કે.જે. દરજી તથા નાયબ ઇજનેર અંબાજી શ્રી એફ.એન. ચૌધરી તથા તેમની ટીમ દ્વારા નિયમિત રીતે કરવામાં આવેલ. જ્યારે ભાદરવી પૂનમ જેવા મહામેળાનું આયોજન દર વખતે કરવામાં આવે છે ત્યારે પાલનપુર સર્કલના કર્મચારીઓ એક ટીમ બનીને હંમેશાં સુદૃઢ આયોજન કરે છે. કુલ ૨૯ જેટલી ટીમો જુદા જુદા ઇજનેરોના વડપણ હેઠળ પોઇન્ટ વાઇજ લાઇન સ્ટાફની ટીમ સતત વીજ વિતરણ વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સતત વરસતા વરસાદમાં પણ કોઈ પણ પ્રકારના વીજ વિક્ષેપ વગર વીજ પુરવઠો પૂરો પાડવા માટે સતત પ્રયત્નશીલ રહેલ જેના પરિણામે ભાદરવી પૂનમના મેળાનો કાર્યક્રમ સફળ રહેલ.

મેળા દરમિયાન યાત્રીકોને ચાલવામાં તકલીફ ન પડે તે માટે અંબાજીથી હડાદ રોડ, અંબાજીથી દાંતા રોડ, દાંતાથી આંબાઘાટા રોડ, અંબાજીથી વિરમપુર રોડ (કેંગોરા ઘાટી) ઉપર અને અંબાજીથી શીતળામાતાના મંદિર સુધી હંગામી વીજ જોડાણ આપીને વ્યવસ્થા કરવામાં આવેલ. જેથી રાત્રિ દરમિયાન પણ પદયાત્રીઓને ચાલવામાં સરળતા રહે.





*અંબાજી યાત્રાધામ*

પાલનપુરથી અંબાજી-દાંતા માર્ગ ૪ માર્ગીય બનાવવા માટેની કામગીરી હાથ ધરવામાં આવેલ જે પૈકી કુલ ૧૫૦૦ જેટલા વીજ થાંભલા કાઢીને સાઇડમાં સિફ્ટ કરવામાં આવેલ. જેના ઉપર પણ સ્ટ્રીટ લાઇટની કામગીરી કરવામાં આવેલ. મેળા દરમિયાન કોઈ પણ પ્રકારની આકસ્મિક મુશ્કેલભરી સ્થિતિને પહોંચીવળવા મે મહિનાથી તમામ ફીડર ઉપર સતત મેઇન્ટેનન્સ કરીને ટ્રાન્સ્ફોર્મર દુરસ્ત કરેલ તેમજ એલટી લાઇનનું પણ સમારકામ કરેલ જેથી વીજ ફરિયાદો ટાળી શકાય.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા મંદિર ટ્રસ્ટ દ્વારા જુદાજુદા લાઇટિંગ પોઇન્ટ્સ, તાલુકા પંચાયત, એસ.ટી. પાર્કિંગ, જુદાજુદા કેમ્પો તેમજ દુકાનોમાં કુલ ૧૫૭ જેટલા હંગામી સીંગલ ફેઇઝ તેમજ ૧૧૪ જેટલા થ્રી ફેઇઝ હંગામી વીજ જોડાણો વીજ સલામતીને ધ્યાનમાં રાખીને ELCB સાથે આપવામાં આવેલ. ચાલુ લાઇન નીચે તૈયાર કરવામાં આવેલ કેમ્પોને હટાવવામાં આવેલ, આમ વીજ સલામતી જળવાઈ રહે તે માટે મહત્ત્વની કામગીરી હાથ ધરેલ.

મેળા દરમિયાન GWSSBના બોરને પણ સતત પાણી મળી રહે તે માટે ગાંધીનગરથી અંબાજી, રાધનપુરથી ડિસા, પાલનપુરથી અંબાજી તેમજ વિસનગરથી અંબાજી અને ઇડરથી ખેડબ્રહ્મા-હડાદથી અંબાજીના ખેડીવાડી ફીડરોને સતત ૨૪ કલાક વીજ પુરવઠો પૂરો પાડવામાં આવેલ જેથી પાણીની સમસ્યા નિવારી શકાય.

અંબાજી યાત્રાધામ ખાતે સતત વીજ



ટીમ યુજીવીસીએલ પાલનપુર – સફળતાના સૂત્રધારો



કલેક્ટરશ્રી બનાસકાંઠા દ્વારા સન્માન

પુરવઠો પૂરો પાડી શકાય તે માટે અલગ અલગ ચાર સર્કિટની વ્યવસ્થા કરવામાં આવેલ જેમાં (૧) ૨૨૦ કેવી ભૂતિયા, ઇડરથી ખેડબ્રહ્મા, ૬૬ કેવી માકડચંપા સબસ્ટેશન થઈને ૬૬ કેવી સબસ્ટેશન અંબાજીમાં પાવર લાવવામાં આવેલ. (૨) બીજી સર્કિટમાં ૨૨૦ કેવી, ખેરાલુથી સતલાસણા, ગોરાડથી અંબાજી ૬૬ કેવી સબસ્ટેશનમાં વીજ પ્રવાહ લાવવામાં આવેલ. (૩) ત્રીજી સર્કિટ લાઇન ૨૨૦ કેવી પાલનપુરથી જલોત્રા, દાંતાથી અંબાજી લાવવામાં આવેલ તેમજ (૪) ચોથી સર્કિટમાં ૨૨૦ કેવી પાલનપુરથી ૬૬ કેવી માલણ સબસ્ટેશનથી વિરમપુર થઈ ૬૬ કેવી ભાયલા સબસ્ટેશનથી ૧૧ કેવી વીજ લાઇન અંબાજી સુધી પાવર સપ્લાય લાવવામાં આવેલ. આમાં કોઈપણ ૬૬ કેવી લાઇનમાં તકલીફ થાય તો વીજ પુરવઠાને બીજી લાઇનથી પણ મેળવી શકાય તેવી સચોટ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ.

મેળા દરમિયાન સતત વરસાદ તેમજ વીજળી પડતી હોવા છતા સતત વીજ પુરવઠો પૂરો પાડવામાં ચારે વીજ લાઇનોનો મહત્ત્વનો ફાળો રહેલ. તા. ૧૦-૯-૨૦૧૯ના રોજ સતલાસણાથી ગોરાડ જતી ૬૬ કેવી વીજ લાઇન પર વીજળી પડવાને લીધે વીજ વિક્ષેપ ઉપસ્થિત થયેલ ત્યારે તુરંત જ ૬૬ કેવી માકડચંપા વીજ લાઇન પર આંખના પલકારામાં પાવર ચેન્જ કરીને વીજ વિક્ષેપ નિવારવામાં આવેલ.

અંબાજીના અંડરગ્રાઉન્ડ ફીડરો પણ સતત એકધારા વરસાદમાં પણ કોઈ પણ જાતના ટ્રિપિંગ વગર ચાલુ રહેલ. મેળા દરમિયાન આસમાની વીજળી પડવાને લીધે જુદા જુદા ટ્રાન્સફોર્મર સેન્ટર ઉપર જુદી જુદી કેપેસીટીની કુલ ૫૧ જેટલા ટ્રાન્સફોર્મર બળી ગયેલ જે તાત્કાલિક ચાલુ વરસાદમાં બદલીને વીજ પુરવઠો જળવાઈ રહી તે માટે પ્રયાસ કરવામાં આવેલ.

સંદેશા વ્યવહારને તકલીફ ના પડે તે માટે બીએસએનએલના નેટવર્કમાં હંગામી જોડાણો આપવામાં આવેલ તેમજ કામગીરીની સંલગ્ન કર્મચારીને વોડાફોનના મોબાઇલ નેટવર્કથી સંપર્કમાં રાખવામાં આવેલ.

આ સિવાય અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ તરફથી મુખ્ય કંટ્રોલ પોંઇટ સાંસ્કૃતિક કાર્યક્રમ સ્થળ, મુખ્ય મંદિર તથા ગબ્બર જેવા અલગ અલગ સ્થળોએ ડીજી સેટ તથા ઇન્વર્ટરની વ્યવસ્થા કરવામાં આવેલ. કોલ્ગી સમિતિના રિપોર્ટની ભલામણ મુજબ અચાનક અંધારપટ છવાય ત્યારે વીજ પુરવઠો પૂરો પાડી શકાય તે માટે કુલ ૧૩ જેટલા ઇન્વર્ટર પોઇન્ટ બનાવવામાં આવેલ. જ્યારે ૧૪ જગ્યાએ જનરેટર સેટ મુકવામાં આવેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપનીની કામગીરીની સફળતાને અનુલક્ષીને પદયાત્રીઓને વીજ લાઇનના થાંભલાઓના સંપર્કમાં રહેવાનું ટાળવા જણાવવામાં આવેલ. જે માટે અલગ અલગ જગ્યાએ વીજ સાવચેતી માટે જરૂરી કાળજી લેવા અંગેની માહિતી આપતા બેનરો લગાવવામાં આવેલ. પદયાત્રીઓના સંઘ દ્વારા લઇ જવામાં આવતી ધજાના દંડ ઉંચાઈએ વીજ તારને અડકે નહીં એ રીતે લઈ જવા ખાસ ખાળજી રાખવા વિનંતી કરવામાં આવેલ.

તા. ૮-૯-૨૦૧૯થી તા. ૧૪-૯-૨૦૧૯ દરમિયાન ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા સતત વિના વિક્ષેપે વીજ પુરવઠો પૂરો પાડી સફળ અને ભગીરથ કામગીરી પૂર્ણ કરેલ. કલેક્ટર, બનાસકાંઠા શ્રી સંદિપ સાંગ્લે દ્વારા પાલનપુર સર્કલના વિશેષ મુખ્ય ઇજનેર શ્રી એલ.એ. ગઢવીનું સન્માન કરવામાં આવેલ. શ્રી એલ.એ. ગઢવી દ્વારા કામગીરીને સંલગ્ન તમામ કર્મચારીઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવી ભવિષ્યમાં પણ આ પ્રકારની પડકારજનક કામગીરી માટે ખભેખભા મિલાવીને કામ કરશું તેવો આશાવાદ વ્યક્ત કરેલ. ■



તા. ૧૪-૯-૨૦૧૯ના રોજ અંબાજી ખાતે ગુજરાત રાજ્યના રાજ્ય કક્ષાના ગૃહ તેમજ ઊર્જામંત્રી માનનીય શ્રી પ્રદિપસિંહ જાડેજા તથા લોકસભાના સભ્ય માનનીય શ્રી પરબતભાઈ પટેલે મુલાકાત લીધેલ. વિશેષ મુખ્ય ઇજનેર શ્રી એલ.એ. ગઢવી દ્વારા બંને મહાનુભાવોને વીજ વિતરણ અને વીજ પુરવઠો સતત જળવાઈ રહે તે માટે કરવામાં આવેલ કામગીરીની સંપૂર્ણ માહિતી પૂરી પાડેલ.

# હિંમતનગર વિભાગીય કચેરીના તાબા હેઠળના રણાસણ પેટાવિભાગીય કચેરીનો લોકાર્પણ સમારોહ

## કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ તથા ધારાસભ્ય શ્રી ગજેન્દ્રસિંહ પરમાર દ્વારા નવીન રણાસણ પેટાવિભાગીય કચેરીનું વિધિવત લોકાર્પણ

તા. ૨૨-૮-૨૦૧૯ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણાના તાબા હેઠળના હિંમતનગર વર્તુળ કચેરીની હિંમતનગર વિભાગીય કચેરી હસ્તકના નવરચિત રણાસણ પેટાવિભાગીય કચેરીનો લોકાર્પણ સમારંભ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ દ્વારા પ્રાંતિજ મતવિસ્તારના માનનીય ધારાસભ્ય શ્રી ગજેન્દ્ર સિંહ પરમાર, કંપનીના મુખ્ય ઇજનેર શ્રી પી.બી. પંડ્યાની ઉપસ્થિતિમાં યોજાયેલ.

લોકાર્પણ સમારોહની શરૂઆતમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા ગણેશ પૂજન કરવામાં આવેલ, બાદમાં નવીન પેટાવિભાગીય કચેરીનું રિબન કાપીને લોકાર્પણ કરવામાં આવેલ.



ઉદ્‌ઘાટન વિધિ



પૂજાવિધિ



પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત

### ઉદ્‌બોધન : શ્રી પી.બી. પંડ્યા



કંપનીના મુખ્ય ઇજનેર શ્રી પી.બી. પંડ્યા દ્વારા પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પોતાની હર્ષની લાગણી વ્યક્ત કરેલ. તેમજ ગાંભોઈ, ધનસુરા તથા તલોદ-૨ પેટાવિભાગીય કચેરીમાંથી વિભાજન થઈને અસ્તિત્વમાં આવેલ નવરચિત રણાસણ પેટાવિભાગીય કચેરી તેની આજુબાજુ ચાલીસ જેટલા વીજ ગામોના વીજ ગ્રાહકોને ગુણવત્તાસભર વીજ પુરવઠો પુરો પાડશે. તેમજ વીજ ગ્રાહકોને વધુ સારી સેવાઓ અને સગવડો દ્વારા સમય, શ્રમ અને નાણાંની બચત થશે તેમ જણાવેલ. નવીન કચેરીના તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવી ગ્રાહકોને સર્વોત્તમ સેવા થકી સંતોષ આપવાના ઉદ્દેશને ચરિતાર્થ કરશે તેવી આશા વ્યક્ત કરેલ.

### ઉદ્‌બોધન : શ્રી ગજેન્દ્ર સિંહ પરમાર



ગુજરાત રાજ્યના પ્રાંતિજ મતવિસ્તારના માનનીય ધારાસભ્યશ્રી દ્વારા પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવેલ કે ઘણા સમયથી આ વિસ્તારના વીજ ગ્રાહકોની માગણી જે સરકારશ્રીમાં પડતર હતી જેનો કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીના હકારાત્મક પ્રતિસાદને લીધે તેમજ ગુજરાત સરકારના વિકાસલક્ષી અભિગમને લીધે નવરચિત રણાસણ પેટાવિભાગીય કચેરીનું આજ રોજ લોકાર્પણ થઈ રહ્યું છે જે માટે કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીને અભિનંદન પાઠવું છું તેમજ આજુબાજુના વીજ ગ્રાહકોને દૂરની પેટાવિભાગીય કચેરીઓમાં જે ધક્કા ખાવા પડતા હતા તેની જરૂરિયાત નહીં રહે તેમજ વીજ વિતરણની કામગીરી સુદઢ થશે જેનો લાભ તમામ વીજ ગ્રાહકોને મળશે.

## ઉદ્‌બોધન : શ્રી મહેશ સિંઘ



પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા જણાવવામાં આવેલ કે રણાસણ પેટાવિભાગીય કચેરી માટે વીજ ગ્રાહકો દ્વારા તથા પ્રજાના પ્રતિનિધિઓ દ્વારા વારંવાર માગણી કરવામાં આવેલ જે ઘણા સમયથી સરકારશ્રીમાં પડતર હતી જે સરકારશ્રી ઊર્જા વિભાગ દ્વારા મંજુર કરવામાં આવેલ છે. જેનાથી કંપનીના માનવંતા વીજ ગ્રાહકોને ગુણવત્તાસભર વીજ પુરવઠો તેમજ વીજ વિતરણ અંગેની સારી સેવાઓ આપશે. તેમજ જુની હયાત પેટાવિભાગીય કચેરીઓનો કાર્યભાર હળવો થવાથી વીજ ગ્રાહકો તથા કર્મચારીઓને અનુકૂળતા રહેશે તેમ જણાવેલ. કર્મચારીઓ, વીજ ગ્રાહકો તથા પ્રજાના પ્રતિનિધિઓને નવરચિત પેટાવિભાગીય માટે શુભેચ્છાઓ પાઠવેલ.

ખેડૂતોને ઉદ્દેશીને જણાવેલ કે સરકારશ્રી દ્વારા અમલમાં મુકવામાં આવેલ સોલાર અંતર્ગત સ્કાય યોજનાનો વધુમાં વધુ લાભ લેવા અપિલ કરેલ. અણીયોલ ખેતીવાડી ફીડર ઉપર શરૂ કરવામાં આવેલ સદર યોજનાનો રૂબરૂ નિર્દશન કરી સદર યોજનાનો લાભ લેવા અનુરોધ કરેલ.

ગ્રાહકોને ખાત્રી આપીને જણાવેલ કે સદર યોજના દ્વારા ખેડૂતોને આર્થિક લાભ તો થશે જ પણ દિવસે સતત ૧૨ કલાક વીજ પુરવઠો પૂરો પાડવામાં આવશે, જેથી રાત્રિના સમયે વીજ પુરવઠા માટે કરવામાં આવતા ઉજાગરા બંધ થશે.



શ્રોતાજનો

ત્યારબાદ પટાંગણમાં વૃક્ષારોપાણ કરવામાં આવેલ. પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દિપપ્રાગટ્ય કરવામાં આવ્યું. હિંમતનગર વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર દ્વારા કાર્યક્રમમાં પધારેલ મહાનુંભાવોનું શબ્દોથી સ્વાગત કરવામાં આવેલ ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવેલ.

કાર્યક્રમના અંતમાં હિંમતનગર વિભાગીય કચેરીના કાર્યપાલક ઈજનેર શ્રી કે.એચ. શાહ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા બદલ ઉપસ્થિત તમામ મહાનુભાવોનો તથા વીજ ગ્રાહકોનો આભાર વ્યક્ત કરેલ.



વૃક્ષારોપાણ

હિંમતનગર વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી પી.સી. શાહના નેતૃત્વ હેઠળ વિભાગીય કચેરી દ્વારા તથા રણાસણ પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર શ્રી આર.વી. ઓડ દ્વારા કાર્યક્રમનું સફળ અને સુંદર આયોજન કરવામાં આવેલ. ■

## ભાદરવી પૂનમ

### હિંમતનગર વર્તુળ કચેરી દ્વારા પણ ભાદરવી પૂનમ મેળા અંગે કરવામાં આવેલ કામગીરી



તા. ૮-૯-૨૦૧૯થી તા. ૧૪-૯-૨૦૧૯ દરમિયાન યોજવામાં આવેલ ભાદરવી પૂનમના મેળામાં વીજ વિતરણની કામગીરી મુખ્યત્વે અંબાજી ધામ ખાતે જાળવવાની કપરી જવાબદારી પાલનપુર સર્કલ દ્વારા નિભાવવામાં આવે છે, પરંતુ અમદાવાદથી અંબાજી વાયા હિંમતનગરના રૂટ ઉપર પણ પદયાત્રીઓની સગવડતા સાચવવા માટે તેમજ ખેડબ્રહ્મા અંબાજી મંદિર ખાતે સતત વીજ પુરવઠો જળવાઈ રહે તે માટે હિંમતનગર વર્તુળ કચેરી દ્વારા પણ વિશેષ કામગીરી કરવામાં આવેલ. જે પૈકી રોડ સાઈડની લાઈનો, ટ્રાન્સ્ફોર્મર તથા જ્યોતિગ્રામ ફીડરો, ખેતીવાડી ફીડરો પર સમાર કામ કરવામાં આવેલ. જેથી સતત વીજ પુરવઠો પૂરો પાડી શકાય તે માટે વીજ લાઈનો પર 'સ્પેશર' લગાવવામાં આવેલ જેથી અકસ્માતો નિવારી શકાય. સેવાભાવી કેમ્પ માટે જરૂરિયાત પ્રમાણે ટેમ્પરરી કનેક્શનો આપવામાં આવેલ તેમાં પણ વીજ સલામતીને ધ્યાનમાં રાખીને ELCB લગાડવામાં આવેલ.

વીજ સલામતી તેમજ વીજ બચત માટેની જાગૃતિ કેળવવા બેનરો લગાડવામાં આવેલ. પદયાત્રીના પસાર થવાના સમયગાળા દરમિયાન વિના વીજ વિક્ષેપે વીજ વિતરણની સફળ વ્યવસ્થા જળવાઈ રહે તે માટે હિંમતનગર સર્કલના અધિક્ષક ઈજનેર શ્રી પી.સી. શાહના માર્ગદર્શન હેઠળ તેમજ કાર્યપાલક ઈજનેર ઈડર, શ્રી એમ.ઝેડ. અસારીના નેતૃત્વ હેઠળ સફળ કામગીરી કરવામાં આવેલ. ■

# ગુણવત્તાસભર તથા પૂર્ણ માત્રામાં ટ્રેનિંગ દ્વારા અનોખો રાહ ચીંધતું જીઈકેસી સાબરમતી

પોતાના કાર્યમાં સતત ઉચ્ચ દક્ષતા બતાવવાનો એક માત્ર ઉપાય છે, પોતાના કાર્યને સંબંધિત નવી નવી વાતો સતત જાણવી. આ સંદર્ભમાં, કોઈપણ કર્મયોગી માટે તાલીમ મેળવતા રહેવું અનિવાર્ય હોય છે.

આ હેતુથી, 'તાલીમ' શબ્દને સાચા અર્થમાં ચરિતાર્થ કરી તમામ વીજક્ષેત્રના કર્મચારીઓને પૂર્ણ માત્રામાં ગુણવત્તાસભર ટ્રેનિંગ આપવાના સફળ પ્રયત્નો દ્વારા ગુજરાત એનર્જી નોલેજ સેન્ટર, સાબરમતીએ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકના ગુજરાત એનર્જી ટ્રેનિંગ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (GETRI) હેઠળની તમામ વીજ વિતરણ, વીજ પ્રવહન તથા વીજ ઉત્પાદન કંપનીઓને અનોખો રાહ ચીંધ્યો છે.

આ પ્રયાસોને સમગ્ર ઉત્તર ગુજરાત વીજ કંપની લી. તથા જીયુવીએનએલ હસ્તકની વીજ કંપનીઓમાં હકારાત્મક પ્રતિસાદ મળેલ છે. ગુજરાત એનર્જી નોલેજ સેન્ટર દ્વારા ૨૦૧૭-૧૮માં કુલ ૧૩,૦૪૦ (તેર હજાર ચાળીસ) મેનડેઝ તાલીમબદ્ધ કરવામાં આવ્યા હતા. રજીસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરી દ્વારા તમામ સંલગ્ન કર્મચારી અને પ્રશસ્તિપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવેલ તેમજ ચિંતન શિબિરમાં પણ તે અંગેની જાહેરાત કરીને જી.ઈ.કે.સી. સાબરમતીની કામગીરીને બિરદાવવામાં આવેલ.

ગુજરાત ઊર્જા વિકાસ લી. દ્વારા પણ વખતો વખત કરવામાં આવતી મીટિંગોમાં પણ યુજીવીસીએલની ટ્રેનિંગની કામગીરીને બિરદાવવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન ગુજરાત એનર્જી ટ્રેનિંગ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા દર વર્ષની જેમ તમામ કર્મચારીઓને ૪ (ચાર) ટ્રેનિંગનો લક્ષ્યાંક આપવામાં આવે છે. ટ્રેનિંગ પ્રત્યેનો તમામ કર્મચારીઓનો હકારાત્મક અભિગમ થાય તે માટે ટ્રેનિંગ સેન્ટરના પ્રતિનિધિ દ્વારા હિંમતનગર તથા સાબરમતી સર્કલ હેઠળની તમામ કચેરીઓમાં નિયમિત મુલાકાત લઈને તેઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ રજીસ્ટરની ચકાસણી કરીને, કર્મચારીઓ તથા સત્તાધીશોના સૂચનોને લક્ષમાં લઈને જરૂરી વિષયની ટ્રેનિંગ યોગ્ય સમયે આપી શકાય તેને અનુલક્ષીને વિવિધ પ્રકારના વિષયો ઉપર ટ્રેનિંગનું વર્ષ દરમ્યાન તબક્કાવાર આયોજન કરવામાં આવેલ.

તદ્ઉપરાંત કંપની માટે વખતો વખત જરૂરી હોય તેવી આકસ્મિક કામગીરી માટે વિવિધ વિષયો જેવા કે IFAS, E-urja, Store Inventory, Legal, HR



for Non-HR, A/C for Non A/C, Amnesty, Reduce of T&D Losses, Revenue Collection, Solar Roof Top ઉપર ટ્રેનિંગના સેમિનારો આપવામાં આવેલ છે, જેથી કંપનીની કામગીરી વધુ સુદૃઢતાથી હાથ ધરી શકાય.

વર્ષ દરમ્યાન ટ્રેનિંગના સેમિનારોના આગોતરા આયોજન માટે સંલગ્ન કર્મચારીઓની વખતો વખત મીટિંગ કરી કામગીરી માટે જરૂરી સૂચનાઓ પાઠવવામાં આવે છે. તમામ વિભાગીય કચેરી કક્ષાએ આધુનિક સમયમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને વોટ્સએપ દ્વારા વિભાગીય કચેરી કક્ષાએ અલગ-અલગ ગ્રૂપો બનાવવામાં આવેલ છે. તદ્ઉપરાંત ઈ-મેઈલ, એસએમએસ દ્વારા પણ કર્મચારીઓને ટ્રેનિંગ અંગેની જાણ કરવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આમ સંદેશાની આપલે કરવાની સુદૃઢ વ્યવસ્થાનો અમલ કરવામાં આવે છે.

પેટા વિભાગીય કચેરી, વિભાગીય કચેરી તથા વર્તુળ કચેરી કક્ષાએ તમામ કર્મચારીઓને ટ્રેનિંગની જાણ કરવા માટે નોટિસ બોર્ડ ઉપર લિસ્ટ મૂકી, રૂબરૂમાં જાણ કરી તેમજ કંટ્રોલિંગ ઓફિસરોને લિસ્ટ આપી લાગતા વળગતા કર્મચારીઓને જાણ કરવાની સૂચનાઓ આપવામાં આવે છે.

કર્મચારીઓને વર્ષ દરમ્યાન આપવામાં આવતી ટ્રેનિંગ અન્વયે જે વિષયની ટ્રેનિંગ જે તે સમયે તેઓની અપેક્ષિત તારીખે આપવામાં આવશે તેવો અનુરોધ કરવામાં આવેલ છે.

જો કોઈ સંજોગોમાં કર્મચારી હાજર ન રહી શકે તો તેવા સંજોગોમાં તેની જગ્યાએ અન્ય કર્મચારીઓને ટ્રેનિંગ સેન્ટરમાં ઈ-મેઈલથી જાણ કરીને મોકલવાનો પણ અનુરોધ કરવામાં આવેલ છે.

તાલીમને વધુ સઘન બનાવવા માટે, તાલીમાર્થીઓ તરફથી વખતોવખત ફીડબેક લેવામાં આવે છે. એ ઉપરાંત, રૂબરૂ પૂછપરછ કરતાં કર્મચારીઓ દ્વારા ટ્રેનિંગ અન્વયે તેમજ ટ્રેનિંગ સેન્ટર દ્વારા આપવામાં આવેલ સુવિધા અંગે સાનુકૂળ પ્રતિસાદ આપેલ છે.

કંપનીના નવનિયુક્ત કર્મચારીને કંપની તેમજ કંપનીની કામગીરીથી માહિતગાર કરવા માટે દસ દિવસની GETRI ટ્રેનિંગમાં એચ. આર., એકાઉન્ટસ, રેવન્યુ કલેકશન તથા અન્ય કામગીરી તથા કંપની દ્વારા વિવિધ ક્ષેત્રોમાં પ્રાપ્ત કરવામાં આવેલ સફળતા / એવોર્ડઝથી માહિતગાર કરવામાં આવે છે. જેથી વધુ સરળતાથી કંપનીની કામગીરીની જાણકારી મળી શકે. આ ઉપરાંત, વખતોવખત GETRI દ્વારા ફાળવવામાં આવતી સીએન્ડડી

| Name of C.O & D.O. | Staff Set up | Existing Staff | Required mandays x 4 | Training taken by Actual mandays | GETRI TRAINING | Total Trg. | Achievement in% |
|---|---|---|---|---|---|---|---|
| Himatangar C.O. | 79 | 79 | 316 | 312 | 31 | 343 | 108.54 |
| Himatnagar D.O. | 322 | 312 | 1248 | 1235 | 19 | 1254 | 100.48 |
| Modasa D.O. | 326 | 326 | 1304 | 1363 | 27 | 1390 | 106.60 |
| Bhiloda. | 282 | 277 | 1108 | 1101 | 16 | 1117 | 100.81 |
| Idar D.O. | 366 | 328 | 1312 | 1371 | 25 | 1396 | 106.40 |
| Talod D.O. | 324 | 295 | 1180 | 1276 | 20 | 1296 | 109.83 |
| Sabarmati C.O. | 113 | 113 | 452 | 425 | 51 | 476 | 105.31 |
| Sabarmati D.O. | 485 | 463 | 1852 | 1790 | 47 | 1837 | 99.19 |
| Bopal D.O. | 283 | 277 | 1108 | 1093 | 11 | 1104 | 99.64 |
| Bavla D.O. | 350 | 323 | 1292 | 1238 | 27 | 1265 | 97.91 |
| Gandhinagar D.O. | 578 | 545 | 2180 | 2112 | 36 | 2148 | 98.53 |
| Kalol D.O. | 336 | 330 | 1320 | 1163 | 20 | 1183 | 89.62 |
| **TOTAL :** | **3844** | **3668** | **14672** | **14479** | **330** | **14809** | **100.93** |

ટ્રેનિંગ દ્વારા કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવતા લક્ષ્યાંક સિદ્ધ કરીને ટ્રેનિંગને વધુ અસરકારક બનાવવામાં આવે છે.

વધુ ગુણવત્તા સભર ટ્રેનિંગ આપી શકાય તેવા સતત પ્રયત્નોને ધ્યાનમાં લઈને એચ. આર. અને એકાઉન્ટની ખાતાકીય પરીક્ષા માટે કર્મચારીઓની માંગણીને ધ્યાનમાં લઈને તજજ્ઞો દ્વારા પરીક્ષાલક્ષી તાલીમો આપવામાં આવેલ છે. જેમાં મોટા ભાગના કર્મચારીઓએ ખાતાકીય પરીક્ષાઓ પાસ કરી ગુણવત્તાસભર ટ્રેનિંગને સાર્થક સાબિત કરેલ છે.

જી.ઈ.કે.સી. સાબરમતી દ્વારા કોર્પોરેટ તથા સર્કલ ઓફિસના સત્તાધીશો સાથે વિચાર વિમર્શ કરીને તમામ પ્રકારની કામગીરી વધુ સારી રીતે થઈ શકે તે માટે જરૂરી સૂચનો મેળવવામાં આવે છે, જેથી વધુ સારી રીતે ટ્રેનિંગના કાર્યક્રમોનું આયોજન થઈ શકે. ગેરહાજર રહેનાર કર્મચારીઓનો રીપોર્ટ દરરોજ GETRI રજી. અને કોર્પોરેટ ઓફિસ મહેસાણા તેમજ જે તે સર્કલ ઓફિસ તેમજ વિભાગીય કચેરીને નિયમિત મોકલવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ દરમ્યાન કુલ ૧૯,૦૦૦ જેટલા કર્મચારીઓને તાલીમ આપવા માટે હુકમો બજાવવામાં આવેલ. જેમાંથી જી.ઈ.કે.સી. સાબરમતી તથા GETRI વડોદરા ખાતે હિંમતનગર તથા સાબરમતી સર્કલના કુલ ૧૪,૮૦૯ જેટલા મેનડેઝને તાલીમબદ્ધ કરવામાં આવેલ.

બંને સર્કલના હયાત ૩૬૬૮ કર્મચારીઓને ૪ ના ગુણાંકમાં ૧૪૬૭૨ મેનડેઝ ટ્રેનિંગ આપવાની થાય. જેની સામે કુલ ૧૪૪૭૮ જેટલા કર્મચારી મેનડેઝ ઉપરાંત GETRI ૩૩૦ જેટલા મેનડેઝને ટ્રેનિંગ આપવામાં આવેલ છે.

આમ GETRI દ્વારા આપવામાં આવેલ લક્ષ્યાંક કરતાં વધુ મેનડેઝને ગુણવત્તા સભર ટ્રેનિંગ દ્વારા તાલીમબદ્ધ કરવાની અનોખી કામગીરી તમામ પેટા વિભાગીય, વિભાગીય, વર્તુળ કચેરી, રજી. અને કોર્પોરેટ કચેરી, મહેસાણા તથા ગુજરાત એનર્જી નોલેજ સેન્ટર GETRI વડોદરાના સંપૂર્ણ સહયોગ અને માર્ગદર્શનને કારણે જ સફળતા પ્રાપ્ત કરવામાં આવેલ છે.

વર્ષ દરમ્યાન જી.ઈ.કે.સી. સાબરમતી દ્વારા કુલ ૨૬૧ જેટલા સેમિનારનું આયોજન કરીને કુલ ૧૪,૪૭૦ મેનડેઝને ટ્રેનિંગ આપવામાં આવેલ છે. આમ દર સેમિનારે ૫૫.૪૭ જેટલા કર્મચારીને સરેરાશ ટ્રેનિંગ આપવામાં આવેલ છે. આમ જી.ઈ.કે.સી.ના ઈન્ફ્રાસ્ટ્રકચરનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે છે.

તારીખ ૦૨/૦૩/૧૯ના રોજ GETRI આયોજીત તમામ ટ્રેનિંગ સેન્ટરના અધિકારીઓની રિવ્યૂ મીટિંગમાં 'એક્સલન્સ' શબ્દો દ્વારા સાબરમતી જી.ઈ.કે. સી.ની કામગીરીને નવાજવામાં આવેલ. તેમજ ભવિષ્યમાં વધુ ગુણવત્તા સભર ટ્રેનિંગોનું આયોજન માટે અનુરોધ કરવામાં આવેલ.

તાજેતરમાં તા. ૨૩-૯-૨૦૧૯ના રોજ GETRI વડોદરા ખાતેથી શુભેચ્છા મુલાકાતે આવેલ ડાયરેક્ટર અલ્કાબેન યાદવ તથા નાયબ મહાપ્રબંધક શ્રી ડી.એસ. દુબેને સમગ્ર કામગીરી અંગે માહિતગાર કરતા બંને મહાનુભાવોએ સંતોષની લાગણી વ્યક્ત કરેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપની લી. દ્વારા તેની સ્થાપના ૨૦૦૬થી ૨૦૧૯ના ગાળા દરમ્યાન કુલ ૧૯ જેટલા રાષ્ટ્રીય તથા રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ્ઝ પ્રાપ્ત કરીને પોતાની યશસ્વી કામગીરીનો પરિચય આપેલ છે. યુ.જી.વી. સી.એલ.ના કર્મચારીઓને જ્યારે પડકારરૂપ કામગીરી સોંપવામાં આવે છે ત્યારે ઉત્સાહભેર કામગીરી કરીને કર્મઠ કર્મચારી તરીકે પોતાને સિદ્ધ કરવા હંમેશા કટિબદ્ધ રહેલ છે તેવું જી.ઈ.કે.સી. સાબરમતીના પરફોર્મન્સ દ્વારા વધુ એક વાર સિદ્ધ થયેલ છે. ■

# સરકારશ્રી દ્વારા સૂર્ય ગુજરાત સ્કીમના લાભાર્થીઓનું બહુમાન

માનનીય મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી અને માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિન પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારના ત્રણ વર્ષ પૂર્ણ થયાના અનુસંધાને સરકારશ્રી દ્વારા એક વિશેષ કાર્યક્રમ 'સંકલ્પ સે સિદ્ધિ કી ઓર અગ્રેસર'નું આયોજન મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે તા. ૦૮ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં માનનીય શ્રીમતી સુષ્મા સ્વરાજના દુઃખદ અવસાન નિમિત્તે દિવંગતના પુણ્ય આત્માની ચિર શાંતિ માટે સૌએ પોતાના સ્થાને ઊભા રહીને મૌન પાળવામાં આવેલ. ત્યારબાદ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ તથા સરકારશ્રીના માનનીય મંત્રીશ્રીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમમાં સરકારશ્રીના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીશ્રીઓ, શૈક્ષણિક તથા સામાજિક સંસ્થાઓના વડાઓ તથા સરકારી






યોજનાઓના લાભાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહેલ.

કાર્યક્રમ દરમિયાન સરકારની ત્રણ વર્ષની સિદ્ધિઓ તથા વિવિધ પહેલને ફિલ્મના માધ્યમથી દર્શાવવામાં આવેલ.

સૂર્ય ગુજરાત, SHODH (સ્કીમ ઓફ ડેવલપિંગ હાઈ ક્વોલિટી રિસર્ચ), એફોર્ડેબલ હાઉસિંગ સ્કીમ, એગ્રિકલ્ચર હાઉસિંગ સ્કીમ અને નમો ઈ-ટેબ સ્કીમ હેઠળ વિવિધ લાભાર્થીઓનું બહુમાન કરવામાં આવેલ.

સૂર્ય ગુજરાત યોજના હેઠળ જે રહેણાંક વીજ ગ્રાહકોએ સોલાર પેનલ પોતાના પટાંગણમાં લગાવેલ હોય અને સરકારશ્રી તરફથી સબસિડી મળવાપાત્ર હોય તેવા કેટલાક વીજ ગ્રાહકોનું માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ તથા સરકારશ્રીના માનનીય મંત્રીશ્રીઓ દ્વારા ચેક વિતરણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું.

સૂર્ય ગુજરાત યોજનાનો ઉદ્દેશ છે વૈકલ્પિક વીજ ઉત્પાદનને વેગ આપવો તથા વીજ ગ્રાહકોને વીજ બીલમાં બચત થાય, જે માટે વીજ ગ્રાહકો પોતાના પટાંગણમાં સોલાર પેનલ સરકાર તરફથી સબસિડી મેળવીને લગાવે વીજ ઉત્પાદન કરે તેમજ વીજ બચત તથા પૈસાની બચત અંગે સમાજમાં જાગૃતિ ફેલાવે. ■

# વિંઝોલ પેટા વિભાગીય કચેરીની નવીન ઓફિસનું ઉદ્‌ઘાટન

તારીખ ૦૬ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ યુજીવીસીએલના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંહના વરદ્ હસ્તે વિંઝોલ પેટાવિભાગીય કચેરીની નવીન ઓફિસનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેર (ઓપ) શ્રી એન.સી. મકવાણા, મુખ્ય ઈજનેર (પી) શ્રી પી.બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાઈનાન્સ) અને સી.એફ.ઓ. શ્રી આર.બી. કોઠારી, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) શ્રી એ.સી. પ્રજાપતિ, અધિક્ષક ઈજનેર (સાબરમતી) શ્રી વી. એમ. શ્રોફ તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ અને આમંત્રિત મહેમાનો હાજર રહ્યાં હતાં.

શ્રી મકવાણા, શ્રી પંડ્યા અને શ્રી શ્રોફે મેનેજિંગ ડિરેક્ટરશ્રીને પુષ્પગુચ્છ આપી








આવકાર્યા હતાં.

ત્યારબાદ વિધિવત રીતે માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ દ્વારા રિબન કાપીને વિંઝોલ પેટાવિભાગીય કચેરી જાહેર જનતા માટે ખુલ્લી મુકવામા આવી હતી.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા ગ્રાહકોની વીજળીની જરૂરિયાતોને પહોંચીવળવા તેમજ સાતત્યપૂર્ણ અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવા બાબતે અનુરોધ કરવામાં આવ્યો હતો.

મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ ઉપસ્થિત તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીઓને અભિનંદન સાથે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમના અંતમાં અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું. ■

# સાબરમતી ખાતે "મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના" હેઠળ નિમણૂકપત્ર એનાયત સમારંભ








તા. ૮-૮-૨૦૧૯ના રોજ "મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના" ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની સાબરમતી વર્તુળ કચેરીમાં પસંદગી પામેલ એપ્રેન્ટિસશીપ યુવાનોને નિમણૂકપત્રો એનાયત કરવાના કાર્યક્રમનું આયોજન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘના વરદ હસ્તે સાબરમતી વર્તુળ કચેરી ખાતે કરવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના જનરલ મેનેજર ફાઈનાન્સ શ્રી આર.બી. કોઠારી, વિશેષ મહાપ્રબંધક શ્રી એ.સી. પ્રજાપતિ, અધિક્ષક ઈજનેર સાબરમતી, શ્રી આર.ડી. ઝાલા તેમજ સરસપુર આઈટીઆઈના પ્રિન્સિપાલ શ્રીમતી ડી.જે. જોષી હાજર રહેલ.

સાબરમતી ખાતે કુલ ૧૯૫ યુવાનોને નિમણૂકપત્રો આપવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા નવનિયુક્ત ઉમેદવારોને તાલીમ અને સલામતીનું મહત્ત્વ સમજાવી ગ્રાહકોની સેવા કરવા જણાવેલ.

કાર્યક્રમના અંતમાં મેનેજિંગ ડિરેક્ટર દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ. તેમજ સાબરમતી ખાતે શ્રી રાજ શર્મા કાર્યપાલક ઈજનેરશ્રીએ આભાર વ્યક્ત કરેલ. સાબરમતી વર્તુળ કચેરી દ્વારા સુંદર કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવેલ. ■

# હિંમતનગર ખાતે "મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના" હેઠળ નિમણૂકપત્ર એનાયત સમારંભ

તા. ૨૨-૮-૨૦૧૯ના રોજ અક્ષર પુરૂષોત્તમ સ્વામીનારાયણ મંદિર ખાતે "મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના" ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની હિંમતનગર વર્તુળ કચેરીમાં પસંદગી પામેલ એપ્રેન્ટિસશીપ યુવાનોને નિમણૂકપત્રો એનાયત કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘના વરદ હસ્તે નિમણૂકપત્રો એનાયત કરવામાં આવેલ.

આ પ્રસંગે અધિક કલેક્ટર કું. મમતા મેડમ, મુખ્ય ઈજનેર શ્રી પી.બી. પંડ્યા, જનરલ મેનેજર ફાઈનાન્સ, શ્રી આર.બી. કોઠારી, વિશેષ મુખ્ય ઈજનેર શ્રી જે.કે. દરજી, વિશેષ મહાપ્રબંધક શ્રી એ.સી. પ્રજાપતી, અધિક્ષક ઈજનેર, હિંમતનગર, શ્રી પી.સી. શાહ તેમજ હિંમતનગર આઈટીઆઈના પ્રિન્સિપાલ શ્રી આર.જી. પુરોહીત હાજર રહેલ.









હિંમતનગર ખાતે કુલ ૧૬૦ યુવાનોને નિમણૂકપત્રો આપવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા નવનિયુક્ત ઉમેદવારોને તાલીમ અને સલામતીનું મહત્ત્વ સમજાવી ગ્રાહકોની સેવા કરવા જણાવેલ.

કાર્યક્રમના અંતે હિંમતનગર ખાતે શ્રી પી.સી. શાહ, અધિક્ષક ઈજનેરશ્રીએ આભાર વ્યક્ત કરેલ. હિંમતનગર વર્તુળ કચેરી દ્વારા સુંદર કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવેલ. ■

# નિવૃત્ત અધિકારીઓ માટે યોજાયો વિદાય સમારંભ

## મેનેજિંગ ડિરેક્ટરે નિવૃત્ત થનાર શ્રી એન.સી. મકવાણા, શ્રી એસ.એ. પટેલ, શ્રી જે. એન. સહીજવાણી અને શ્રી એમ.એમ. પટેલને શુભેચ્છાઓ પાઠવી

તારીખ ૩૦-જૂન-૨૦૧૯નાં રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની રજી. કચેરી, મહેસાણા ખાતે ફરજ બજાવતા મુખ્ય ઈજનેર (ઓપેરેશન) શ્રી એન.સી. મકવાણા, વિશેષ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ) શ્રી એસ.એ. પટેલ, નાયબ ઈજનેર (સી.જી.આર.એફ.) શ્રી જે.એન. સહીજવાની તથા અધિક્ષક (હિસાબી) શ્રી એમ.એમ. પટેલની વય મર્યાદાના કારણે થતી નિવૃત્તિને સન્માનવા માટે બપોરે ૪.૩૦ કલાકે કોન્ફરન્સ હોલ, રજી. કચેરી, મહેસાણા ખાતે વિદાય સમારંભ યોજાયો હતો.

શ્રી એન.સી. મકવાણા, શ્રી એસ.એ. પટેલ, શ્રી જે.એન. સહીજવાની તથા શ્રી એમ.એમ. પટેલ વય મર્યાદાના કારણે રજી. કચેરી, મહેસાણાથી તારીખ ૩૦-જૂન-૨૦૧૯ના રોજ નિવૃત્ત થયા.

આ પ્રસંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘની અધ્યક્ષતામાં, મુખ્ય ઈજનેર (પી) શ્રી પી.બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાયનાન્સ) અને સી.એફ.ઓ. શ્રી આર. બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોશી, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) શ્રી એ.સી પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઈજનેર (કોમર્સ) શ્રી જે.એલ. ભટ્ટ, વિશેષ મુખ્ય ઈજનેર(ટેક) શ્રી વી.એમ. શ્રોફ તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારી ભાઈઓ-બહેનોએ ઉપસ્થિત રહીને નિવૃત્ત થનાર શ્રી એન.સી. મકવાણા, શ્રી એસ.એ. પટેલ, શ્રી જે.એન. સહીજવાણી તથા શ્રી એમ.એમ. પટેલને સારા સ્વાસ્થ્ય માટે અને પ્રવૃત્તિમય જીવન પસાર કરવા શુભેચ્છાઓ આપી હતી.

વિદાય સમારંભમાં શ્રી પી.બી. પંડ્યાએ શ્રી એન.સી. મકવાણા, શ્રી એસ.એ. પટેલ, શ્રી જે.એન. સહીજવાની તથા શ્રી એમ.એમ. પટેલને પુષ્પગુચ્છથી આવકાર્યા હતા. શ્રીફળ, સાકર અને ચાંદીનો સિક્કો અર્પણ કરી શ્રી જે.એલ. ભટ્ટે શ્રી એન.સી. મકવાણા અને શ્રી એસ.એ. પટેલને તથા શ્રી વી.એમ. શ્રોફે શ્રી જે.એન. સહીજવાની અને શ્રી એમ.એમ. પટેલને સન્માનિત કર્યા હતા.

શ્રી મહેશ સિંઘ સાહેબે પ્રશસ્તિપત્ર આપીને શ્રી એન.સી. મકવાણા, શ્રી એસ.એ. પટેલ, શ્રી જે.એન. સહીજવાની તથા શ્રી એમ.એમ. પટેલની સેવાઓને બિરદાવી હતી અને નિવૃત થનાર અધિકારીશ્રીઓને શુભકામનાઓ પાઠવી હતી. શ્રી પી.જે ત્રિવેદીએ નિવૃત્ત થનાર ચારેય અધિકારીશ્રીઓને શાલ ઓઢાડીને સન્માન આપ્યું હતું. શ્રી આર.બી. કોઠારીએ નિવૃત્ત થનાર શ્રી એન.સી. મકવાણા, શ્રી એસ.એ. પટેલ, શ્રી જે.એન. સહીજવાની તથા શ્રી એમ.એમ. પટેલને ચેક અર્પણ કર્યા હતા.

સમારંભમાં શ્રી એન.સી. મકવાણા, શ્રી એસ.એ. પટેલ, શ્રી જે.એન. સહીજવાની તથા શ્રી એમ.એમ. પટેલે પોતાના કાર્યકાળ દરમિયાન બનેલા મહત્વના પ્રસંગોને વર્ણવ્યા હતા અને પોતાના સંસ્મરણો યાદ કર્યા હતા.

નિવૃત્તિ સમારંભના સમાપન પહેલા શ્રી મહેશ સિંઘ સાહેબના વરદ હસ્તે શ્રી જે.એલ.ભટ્ટને મુખ્ય ઈજનેર, શ્રી જે.કે દરજીને વિશેષ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ), શ્રી એલ.એ. ગઢવીને વિશેષ મુખ્ય ઈજનેર (પાલનપુર) તથા શ્રી આર.પી. પટેલને અધિક્ષક ઈજનેર (કોમર્સ) જેવા હોદાઓ પર બઢતી હુકમો એનાયત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીઓએ તાલીઓના ગડગડાટ સાથે બઢતી પામેલા અધિકારીશ્રીઓને વધાવી લીધા હતા.

ત્યાર બાદ કોર્પોરેટ ઓફિસની પરંપરા પ્રમાણે નિવૃત્તિ સમારંભમાં હાજર તમામ અધિકારીશ્રીઓ/ કર્મચારીઓને આઈસક્રીમ ખવડાવી વિદાય સમારંભની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. અંતે, શ્રી એન.સી. મકવાણા, શ્રી એસ.એ. પટેલ, શ્રી જે.એન. સહીજવાણી તથા શ્રી એમ.એમ. પટેલને ભાવ-સભર વિદાય આપવામાં આવી હતી. ■






# મુખ્ય ઈજનેર શ્રી જે.એલ. ભટ્ટ માટે યોજાયો વિદાય સમારંભ

તારીખ ૩૧-જુલાઈ-૨૦૧૯નાં રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની રજી. કચેરી, મહેસાણા ખાતે મુખ્ય ઈજનેર (ઓપેરેશન) તરીકે ફરજ બજાવતા શ્રી જે.એલ. ભટ્ટની વય મર્યાદાના કારણે થતી નિવૃત્તિને સન્માનવા માટે તારીખ ૦૧.૦૮. ૨૦૧૯ના રોજ બપોરે ૪.૩૦ કલાકે કોન્ફરન્સ હોલ, રજી. કચેરી, મહેસાણા ખાતે પરંપરાગત રીતે વિદાય સમારંભ યોજાયો હતો.

શ્રી જે.એલ. ભટ્ટ વય મર્યાદાના કારણે યુજીવીસીએલની રજી. કચેરી, મહેસાણા ખાતેથી તારીખ ૩૧-જુલાઈ-૨૦૧૯ના રોજ નિવૃત્ત થયા.

આ પ્રસંગે કંપનીના મેનેજીંગ ડીરેક્ટર શ્રી મહેશ સિંઘની અધ્યક્ષતામાં શ્રી જે.એલ. ભટ્ટ માટે વિદાય સમારંભ યોજાયો હતો. જે અંતર્ગત મુખ્ય ઈજનેર (પી) શ્રી પી.બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાયનાન્સ) અને સી.એફ.ઓ. શ્રી આર. બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોશી, વિશેષ



મહાપ્રબંધક (એચ.આર.) શ્રી એ.સી પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી, વિશેષ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ) શ્રી જે.કે. દરજી, ચીફ ફાયનાન્સ મેનેજર શ્રી આર.એમ. જૈન તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારી ભાઈઓ-બહેનોએ ઉપસ્થિત રહીને નિવૃત્ત થનાર શ્રી જે.એલ. ભટ્ટને સારા સ્વાસ્થ્ય માટે અને પ્રવૃત્તિમય જીવન પસાર કરવા શુભેચ્છાઓ આપી હતી તેમજ સદર કાર્યક્રમમાં હાજરી આપનાર શ્રી જે.એલ. ભટ્ટના પરિવારજનોનું પણ અભિવાદન કર્યું હતું.

વિદાય સમારંભમાં શ્રી એ.સી. પ્રજાપતિએ શ્રી જે.એલ. ભટ્ટને પુષ્પગુચ્છથી આવકાર્યા હતા. શ્રી જે.કે. દરજીએ શ્રીફળ, સાકર અને ચાંદીનો સિક્કો અર્પણ કરી શ્રી જે.એલ. ભટ્ટને સન્માનિત કર્યા હતા.

શ્રી મહેશ સિંઘ સાહેબે પ્રશસ્તિપત્ર આપીને શ્રી જે.એલ. ભટ્ટની સેવાઓને બિરદાવી હતી અને નિવૃત્ત જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી. શ્રી પી.બી. પંડ્યાએ શ્રી જે.એલ. ભટ્ટને શાલ ઓઢાડીને સન્માન આપ્યું હતું. શ્રી આર.બી. કોઠારીએ નિવૃત્ત થનાર શ્રી જે.એલ. ભટ્ટને ચેક અર્પણ કર્યા હતા.

સમારંભમાં શ્રી જે.એલ. ભટ્ટે તેઓની કારકિર્દી વિષે તેમજ પોતાના કાર્યકાળ દરમિયાન બનેલા મહત્વના પ્રસંગોને વર્ણવ્યા હતા અને સંસ્મરણો યાદ કર્યા હતા.

ત્યારબાદ કોર્પોરેટ ઓફિસની પરંપરા પ્રમાણે નિવૃત્તિ સમારંભમાં હાજર તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીઓને આઈસક્રીમ ખવડાવી વિદાય સમારંભની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. અંતે, શ્રી જે.એલ. ભટ્ટને ભાવસભર વિદાય આપવામાં આવી હતી. ■

## કાવ્યધારા

રમ્ય સૂરમ્ય મેળો ભાદરવાનો ભવ્ય,
દર્શન માતાના કરવા ભક્તો આવશે ધીમે પગરવ,

કેટલીય આશાઓ મહેચ્છાઓ થશે પૂર્ણ,
માતાના દર્શન કરી આનંદ માનતા થશે સંપૂર્ણ,

કંઈક દૂરથી આશથી અભિલાષાથી આવે ભક્તો,
માતા દર્શન આપશે એના સંપૂર્ણ સ્વરૂપથી,

છે ઉત્સવ બનશે એ મહા ઉત્સવ,
નખશીખ સન્મુખ નિહાળી ભક્તો થશે પ્રસન્ન,

લાખો હૈયામાં વસે માતા છે એ જગદંબા,
બોલ મારે અંબે જય જગદંબે ગૂંજે સર્વત્ર એ નાદ,

''શૈલને'' મળ્યો મોકો માતાની કરવા સેવા,
ધન્ય બન્યો એ બીજું શું જોઈએ જીવનમાં.

મા અંબાનો લ્હાવો લીધો રંગે ચંગે,
ભક્તો આવ્યા અતિ દર્શન કર્યા નિત નિતે,

કુદરતનો પ્રકોપ શમાવ્યો માતાએ,
રૂડા આશીર્વાદ દીધા જગદંબાએ,

વીજ કંપનીની ટીમ દોડતી રહી વેગે,
સતત પુરવઠો પુરો પાડવા રહ્યા ખડે પગે,

ગઢવીનો દોર અને દરજીનું ડહાપણ,
ચૌધરીઓએ રાખ્યો જબરો રંગ,

નાના મોટા સૌ થયા એક,
ટીમ વર્કથી થયું સર્વે સફળ,

રાજી રહેજોમાં દૃષ્ટિ અમી રાખજો,
''શૈલ'' થયો આભારી મોકો દીધો કરવા સેવા.





**શૈલેષ એમ. યાદવ,**
ડેપ્યુટી એન્જિનીયર,
યુજીવીસીએલ,
સબડિવિઝન, દાંતા

# ૧૪મી ઈન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટનું આયોજન

## પુરૂષ વિભાગમાં શ્રી શૈલેશ નાયક ચેમ્પિયન તથા મહિલા વિભાગમાં શ્રીમતી આશાબેન ખાલપાડા ચેમ્પિયન

તા. ૨૧ તથા ૨૨ જુલાઈ ૨૦૧૯ દરમિયાન અંબાજી ખાતે આવેલ કાળીદાસ મિસ્ત્રીભવન ખાતે પાલનપુર સર્કલ દ્વારા ૧૪મી ઈન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ, જેના પરિણામો નીચે મુજબ છે.

### પુરૂષ વિભાગના પરિણામો તેમજ ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટ માટેની ટીમ

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી શૈલેશ એ. નાયક | સુપ્રિટેન્ડન્ટ | સાબરમતી સર્કલ ઓફિસ | ચેમ્પિયન |
| શ્રી એચ.એમ. પટેલ | ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ (એકાઉન્ટ) | પાટણ-૧ સબડિવિઝન | રનર્સ-અપ |
| શ્રી એચ.આર. નાયક | ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ | જગુદણ, સબડિવિઝન | ટીમના સભ્ય |
| શ્રી એસ.એસ. પટેલ | સિનિયર આસિસ્ટન્ટ | ચિલોડા-૨ સબડિવિઝન | ટીમના સભ્ય |
| શ્રી એ.એમ. પટેલ | જુનિયર એન્જિનીયર | મહેસાણા સર્કલ ઓફિસ | ટીમના સભ્ય |
| **સ્ટેડબાય ખેલાડી** | | | |
| શ્રી આર.બી. યાદવ | જુનિયર આસિસ્ટન્ટ | મહેસાણા આર.ઓ. | ટીમના સભ્ય |
| શ્રી જી.એસ. વોરા | ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ (એકાઉન્ટ) | ઓગણેજ સબડિવિઝન | ટીમના સભ્ય |

### મહિલા વિભાગના પરિણામો તેમજ ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટ માટેની ટીમ

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રીમતી આશાબેન ખાલપાડા | કાર્યપાલક ઈજનેર | બાવળા ડિવિઝન | ચેમ્પિયન |
| કુ. તૃપ્તી બી. મોઢ | ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ (એકાઉન્ટ) | છાપી સબડિવિઝન | રનર્સ-અપ |
| કુ. વી.જે. વણીકર | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર-૧ ડિવિઝન | ટીમના સભ્ય |
| શ્રીમતી કે.એન. જોષી | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર-૧ ડિવિઝન | ટીમના સભ્ય |
| **સ્ટેડબાય ખેલાડી** | | | |
| કુ. જે.એમ. રાઠોડ | સિનિયર આસિસ્ટન્ટ | મહેસાણા, આર.ઓ. | ટીમના સભ્ય |
| કુ. દિપ્તી વી. ભૈરવ્યા | જુનિયર પોગ્રામર | ગાંધીનગર ઈએમસી | ટીમના સભ્ય |

ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં વિજેતાઓને ટ્રોફી, ટી-શર્ટ તથા મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવેલ. પાલનપુર સર્કલ દ્વારા શ્રી ટી.બી. બરંડા, સહાયક સચિવના વડપણ હેઠળ સફળ આયોજન હાથ ધરવામાં આવેલ. વિશેષ મુખ્ય ઈજનેર શ્રી પાલનપુર દ્વારા ખેલાડીઓને ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.


ચેમ્પિયન - પુરૂષ વિભાગ


ચેમ્પિયન - મહિલા વિભાગ


રનર્સ-અપ - પુરૂષ વિભાગ


રનર્સ-અપ - મહિલા વિભાગ


ટીમ - પુરૂષ વિભાગ


ટીમ - મહિલા વિભાગ

# મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યાનો કારકિર્દી પરિચય



ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ મહેસાણા ખાતે ફરજ બજાવતા મુખ્ય ઈજનેર શ્રી પી.બી. પંડ્યાની તા. ૫-૮-૨૦૧૯ના રોજ મુખ્ય ઈજનેર (ઓપરેશન) તરીકે બદલી કરવામાં આવતા તેઓશ્રીએ કાર્યભાર સંભાળેલ છે. તા. ૨૮-૩-૧૯૬૪ના રોજ શ્રી પંડ્યાનો જન્મ થયેલ છે. ઈલેક્ટ્રિકલ એન્જિનીયરીંગની ડિગ્રી મેળવ્યા બાદ શ્રી પંડ્યાએ ગુજરાત વિદ્યુત બોર્ડમાં તા. ૩-૧૧-૧૯૮૭ના રોજ જુનિયર ઈજનેર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરેલ.

ત્યારબાદ વિનંતીથી બદલી લઈ ડિસા સીટી સબડિવિઝન ખાતે બદલી થયેલ. તા. ૧૨-૧૦-૧૯૯૧ના રોજ ડિસા ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી ખાતે નાયબ ઈજનેર તરીકે બઢતી મેળવેલ. ત્યારબાદ ડિસા વિભાગીય કચેરી, પાલનપુર વર્તુળ કચેરી, ખેરાલુ પેટાવિભાગીય કચેરી ખાતે વિનંતીથી બદલી થયેલ. તા. ૮-૩-૨૦૦૦ના રોજ કંપની હિતમાં વિસનગર વિભાગીય કચેરી ખાતે બદલી થયેલ. કડી-૧ પેટાવિભાગીય કચેરી, કડી વિભાગીય કચેરી ખાતે વિનંતીથી બદલી મેળવેલ. તા. ૧-૭-૨૦૧૦ના રોજ કાર્યપાલ ઈજનેર તરીકે ઇડર વિભાગીય કચેરી ખાતે બઢતી મેળવેલ. ત્યારબાદ કલોલ ખાતે કંપની હિતમાં બદલી મેળવેલ.

તા. ૧૪-૭-૨૦૧૪ના રોજ કંપનીની રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ ખાતે અધિક્ષક ઈજનેર તરીકે બઢતી મળવેલ. ત્યારબાદ પાલનપુર ખાતે વિનંતીથી બદલી મેળવેલ. તા. ૧૭-૧૦-૨૦૧૬ના રોજ વિશેષ મુખ્ય ઈજનેર તરીકે બઢતી મેળવેલ. તેમજ તા. ૨૧-૧૦-૨૦૧૭ના રોજ મુખ્ય ઈજનેર તરીકે કાર્યભાર સંભાળેલ છે.

શ્રી પંડ્યા દ્વારા ઉત્તર ગુજરાત વીજ કંપની તેમજ અગાઉના ગુજરાત વિદ્યુતબોર્ડ દરમિયાનની કારકિર્દીમાં મહત્ત્વની ફરજો બજાવેલ છે. શ્રી પંડ્યાએ પોતાની કામગીરી યુજીવીસીએલના તમામ સર્કલમાં બજાવેલ છે. તેમજ કોર્પોરેટ ઓફિસમાં પણ તમામ શાખાઓમાં કામગીરી કરવાનો બહોળો અનુભવ ધરાવે છે. શ્રી પંડ્યાના નેતૃત્વ હેઠળ કંપની વધુ સફળતાના શિખરો સર કરે તેવી અભ્યર્થના સાથે યુજીવીસીએલ પરિવાર ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે. ■

# ઈન્ચાર્જ મુખ્ય ઈજનેર શ્રી વી.એમ. શ્રોફનો કારકિર્દી પરિચય



શ્રી વી.એમ. શ્રોફ હાલમાં ઈન્ચાર્જ મુખ્ય ઈજનેર (પી) તરીકે રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ ખાતે તા. ૫-૮-૨૦૧૯ના રોજથી ફરજ બજાવી રહેલ છે. તા. ૧-૭-૧૯૬૫ના રોજ જન્મેલ શ્રી શ્રોફે ઈલેક્ટ્રિકલ એન્જિનીયરીંગની ડિગ્રી મેળવ્યા બાદ તા. ૧૮-૫-૧૯૮૯ના રોજ ચોરીવાડ પેટા વિભાગીય કચેરી ખાતેથી જુનિયર ઈજનેર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરેલ. ત્યારબાદ સાઠંબા પેટાવિભાગીય કચેરી ખાતે તેઓની બદલી થયેલ.

તેઓશ્રીએ વિનંતીથી બદલી મેળવીને ચોઇલા પેટાવિભાગીય કચેરી તથા મોડાસા વિભાગીય કચેરી ખાતે ફરજ બજાવેલ. તા. ૪-૬-૧૯૯૩ના રોજ ભાભર પેટાવિભાગીય કચેરી ખાતે નાયબ ઈજનેર તરીકે બઢતી મેળવેલ. ત્યારબાદ કંપની હિતમાં દિયોદર, તલોદ વિભાગીય કચેરીમાં વિનંતીથી બદલી, દહેગામ એનએમસી, દહેગામ સીટી સબડિવિઝન, દહેગામ ગ્રામ પેટાવિભાગીય કચેરી, સિદ્ધપુર વિભાગીય કચેરી, કુજાડ પેટાવિભાગીય કચેરી ખાતે પોતાની ફરજો બજાવેલ.

તા. ૩-૨-૨૦૧૨ના રોજ કાર્યપાલક ઈજનેર તરીકે બઢતી મળતા ડિસા-૨ વિભાગીય કચેરી ખાતે હાજર થયેલ. ત્યારબાદ કંપની હિતમાં પાટણ અને વિનંતીથી બદલી સાબરમતી વર્તુળ કચેરી ખાતે મેળવેલ. કંપની હિતમાં તેઓની બદલી કાર્યપાલક ઈજનેરશ્રી તરીકે તા. ૧૮-૧-૨૦૧૬ના રોજ કરવામાં આવેલ. તા. ૨-૬-૨૦૧૬ના રોજ પાલનપુર વર્તુળ કચેરી ખાતે અધિક્ષક ઈજનેર તરીકે બઢતી મેળવેલ.

તા. ૬-૨-૨૦૧૭ના રોજ કંપની હિતમાં મહેસાણા વર્તુળ કચેરી ખાતે તેઓની બદલી થયેલ. તા. ૪-૯-૨૦૧૭ના રોજ સાબરમતી વર્તુળ કચેરી ખાતે વિનંતીથી બદલી મેળવેલ. તા. ૧-૪-૨૦૧૯ના રોજ વિશેષ મુખ્ય ઈજનેર તરીકે બઢતી મેળવેલ.

શ્રી શ્રોફ દ્વારા ઉત્તર ગુજરાત વીજ કંપનીના તાબા હેઠળના તમામ સર્કલમાં ફરજો બજાવવામાં આવેલ છે. ૩૦ વર્ષની કારકિર્દી દરમિયાન શ્રી શ્રોફ દ્વારા મહત્ત્વની કામગીરી બજાવવામાં આવેલ છે. કંપનીને તેમના બહોળા અનુભવનો લાભ મળે અને કંપની ઉત્તરોઉત્તર પ્રગતિ કરી સફળતાના સોપાનસર કરે તેવી અભ્યર્થના સાથે યુજીવીસીએલ પરિવાર ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે. ■



## સમગ્ર દેશમાં પ્રથમ વખત

# ૨ લાખ કુટુંબો હવે સૂર્ય ઊર્જાથી મફત વીજળી પોતે વાપરશે અને બચત થયેલી વીજળી સરકારને વેચશે



## હવે ગુજરાતના નાગરિક વીજ વપરાશની સાથે વીજળી વેચી શકશે

સમગ્ર દેશમાં અગ્રેસર ગુજરાતઃ
ચાલુ વર્ષે ૨ લાખ સોલાર રૂફટોપ સાથે
આગામી ૩ વર્ષમાં ૮ લાખ સોલાર રૂફટોપ
દ્વારા ૧૮૦૦ મેગાવોટ વીજ ઉત્પાદનનો લક્ષ્યાંક

**પ્રથમ વર્ષે ૨ લાખ કુટુંબોને વીજક્ષેત્રે મોટી રાહત**

**રહેણાંક શ્રેણીના વીજગ્રાહકો, સૌર ઊર્જા દ્વારા ઘરે જ વીજ ઉત્પાદન કરે અને જરૂર પૂરતી વીજળી વાપરી વધારાની વીજળી વેચી વીજબીલમાં રાહત તેમજ વધારાની આવક મેળવે એ શુભ આશયથી ગુજરાત સરકાર દ્વારા "સૂર્ય ગુજરાત" (સૂર્ય ઊર્જા રૂફટોપ યોજના) તા. ૮ ઓગષ્ટ, ૨૦૧૯થી અમલમાં મુકવામાં આવેલ છે**

- ગ્રાહક કોઈપણ ક્ષમતાની સોલાર સિસ્ટમ બેસાડી શકશે અને તે માટે તેના કરારીત વીજભારની મર્યાદા લાગુ પડશે નહીં
- રાજ્ય સરકાર દ્વારા રહેણાંક હેતુના વીજગ્રાહકોને સોલાર રૂફટોપ માટે પ્રથમ ૩ કિલોવોટની ક્ષમતા સુધી નિયત કરેલી કિંમત પર ૪૦ % તેમજ ત્યાર પછીના ૩ થી વધુ અને ૧૦ કિલોવોટની ક્ષમતા સુધી સોલાર રૂફટોપ પર ૨૦ % સબસીડી મળશે. દા.ત. કોઈ અરજદાર ૧૧ કિલોવોટ સોલર સિસ્ટમની માંગણી કરે તો પ્રથમ ૩ કિલોવોટ પર ૪૦ %પછીના ૭ કિલોવોટ પર ૨૦ % અને તે પછીના ૧ કિલોવોટ પર ૦ % સબસીડી મળવાપાત્ર થશે
- ગ્રુપ હાઉસીંગ સોસાયટી (GHS) / રેસીડેન્શિયલ વેલ્ફેર એસોસિએશન (RWA)ની મજિયારી સુવિધાઓ જેવી કે સોસાયટીની લાઈટ, સોસાયટીનું વોટર વર્કસ,લીફ્ટ, જીમ, સ્વીમીંગ પુલ, બગીચો વગેરેના વીજ જોડાણો માટે ૫૦૦ કિલોવોટની મહત્તમ મર્યાદામાં (@૧૦ કિલોવોટ પ્રતિ ઘર લેખે), સોલાર સિસ્ટમની કુલ કિંમત પર ૨૦ % સબસીડી મળશે. ૫૦૦ કિલોવોટની મહત્તમ મર્યાદામાં જે તે GHS/RWA ના રહેવાસી દ્વારા સ્થાપિત સોલાર સિસ્ટમની ક્ષમતાઓને પણ સમાવિષ્ટ કરવાની રહેશે
- વીજ ગ્રાહકે જીયુવીએનએલ (GUVNL) દ્વારા માન્ય કરાયેલ એજન્સીઓમાંથી કોઈપણ એકની પસંદગી કરવાની રહેશે. ત્યારબાદ તમામ કાર્યવાહી એજન્સીએ કરવાની રહેશે. માન્ય એજન્સીઓની યાદી દરેક વીજ વિતરણ કંપનીઓની વેબસાઈટ ઉપર તેમજ દરેક વીજકચેરીએ ઉપલબ્ધ છે
- સોલાર સિસ્ટમ સ્થપાયા બાદ તે એજન્સી ૫ વર્ષ સુધી સિસ્ટમનું વિના મૂલ્યે મેન્ટેનન્સ કરશે
- અરજીની નોંધણી વખતે અરજદારે છેલ્લા વીજબીલ, અરજદારનો ફોટો, આધાર નંબર અને અરજદારનો મોબાઈલ ફોન નંબર આપવો જરૂરી છે
- ગ્રાહકે પસંદ કરેલ એજન્સી, જે તે વીજગ્રાહક વતી સોલાર રૂફટોપના પોર્ટલ પર ઓનલાઈન અરજીની નોંધણી કરાવશે. એ માટેની નિયત કરેલ ડિપોઝીટની રકમ એજન્સી દ્વારા ભરપાઈ કરવામાં આવશે, જે રકમ અંદાજપત્રની સામે સરભર કરવામાં આવશે. અંદાજપત્રમાં સોલાર સિસ્ટમનો કનેક્ટીવીટી ચાર્જ, સોલાર જનરેશન મીટર ચાર્જ, મીટર ટેસ્ટીંગ ચાર્જ અને મીટરબોક્ષના ચાર્જનો સમાવેશ થાય છે. વીજગ્રાહકે આ ડીપોઝીટ કે અંદાજપત્ર એમ બે માંથી કોઈપણ રકમનો ચાર્જ અલગથી ચૂકવવાનો રહેશે નહીં. ગ્રાહકે ટેન્ડરથી નક્કી થયા મુજબ નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ રકમ ચૂકવવાની રહેશે. તે સિવાય ગ્રાહકે અન્ય કોઈ રકમ ચૂકવવાની નથી
- પરંતુ જો ચાલુ વીજ વિતરણ માળખામાં ફેરફાર કરવાની ટેકનીકલ જરૂરીયાત જણાય તો તેનો ખર્ચ વીજગ્રાહકે ભરવાનો રહેશે, તે માટે વીજ વિતરણ કચેરી દ્વારા અલગથી અંદાજપત્ર આપવામાં આવશે
- પરંતુ જો ગ્રાહક મોડ્યૂઅલ માઉંટીંગ સ્ટ્રક્ચરની રૂફ લેવલથી નિયત કરેલ ઊંચાઈમાં વધારો કરાવવા માગે તો ગ્રાહક તથા એજન્સી વચ્ચે પરસ્પર સમજુતી કરી, તે માટેનો વધારાનો ખર્ચ પરસ્પર નક્કી કરી ગ્રાહકે જે તે એજન્સીને અલગથી ચુકવવાનો રહેશે

## માન્ય એજન્સીઓની યાદી દરેક વીજ વિતરણ કંપનીઓની વેબસાઈટ ઉપર તેમજ દરેક વીજ કચેરીએ ઉપલબ્ધ છે

| સોલાર રૂફટોપ સિસ્ટમની ક્ષમતા કિલોવોટમાં | ૧.૦૦ થી ૧.૫૦ | ૧.૫૧ થી ૨.૫૦ | ૨.૫૧ થી ૩.૫૦ | ૩.૫૧ થી ૪.૫૦ | ૪.૫૧ થી ૫.૫૦ | ૫.૫૧ થી ૬.૦૦ | ૬.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૧ થી ૨૫.૦૦ | ૨૫.૦૧ થી ૫૦.૦૦ | ૫૦.૦૧ થી ૧૦૦ | ૧૦૦ થી વધુ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ટેન્ડર પ્રક્રિયા દ્વારા નિયત કરેલ મહત્તમ દર (તમામ કર સાથે ) રૂા. પ્રતિ કિલોવોટ | ૪૬,૮૨૭/- | ૪૬,૫૫૫/- | ૪૬,૩૩૭/- | ૪૫,૭૩૮/- | ૪૫,૦૩૦/- | ૪૪,૦૦૬/- | ૪૩,૦૦૫/- | ૩૮,૦૦૬/- | ૩૭,૫૦૫/- | ૩૬,૦૦૨/- | ૩૩,૯૯૯/- |

| સોલાર રૂફટોપ સિસ્ટમની ક્ષમતા કિલોવોટમાં (KW - ડીસી) | ૧.૦૦ | ૨.૦૦ | ૩.૦૦ | ૪.૦૦ | ૫.૦૦ | ૬.૦૦ | ૧૦.૦૦ | ૨૫.૦૦ | ૫૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૫૦.૦૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સોલાર રૂફટોપ સિસ્ટમની નિયત કરેલ મહત્તમ કુલ કિંમત (તમામ કર સાથે) રૂા. પ્રતિ કિલોવોટ | ૪૬,૮૨૭ | ૯૩,૧૧૦ | ૧,૩૯,૦૧૧ | ૧,૮૨,૯૫૨ | ૨,૨૫,૧૫૦ | ૨,૬૪,૦૩૬ | ૪,૩૦,૦૫૦ | ૯,૫૦,૧૫૦ | ૧૮,૭૫,૨૫૦ | ૩૬,૦૦,૨૦૦ | ૫૦,૯૯,૮૫૦ |
| રાજ્ય/કેન્દ્ર સરકારની સહાય (સોલાર સિસ્ટમની કુલ કિંમતના ૪૦ %, ૩ કિલોવોટ સુધી)રૂા. | ૧૮,૭૩૧ | ૩૭,૨૪૪ | ૫૫,૬૦૪ | ૫૪,૮૮૬ | ૫૪,૦૩૬ | ૫૨,૮૦૭ | ૫૧,૬૦૬ | ૪૫,૬૦૭ | ૪૫,૦૦૬ | ૪૩,૨૦૨ | ૪૦,૭૯૯ |
| રાજ્ય/કેન્દ્ર સરકારની સહાય (સોલાર સિસ્ટમની કુલ કિંમતના ૨૦ %, ૩ કિલોવોટથી વધુ અને ૧૦ કિલોવોટ સુધી)રૂા. | ૦ | ૦ | ૦ | ૯,૧૪૮ | ૧૮,૦૧૨ | ૨૬,૪૦૪ | ૬૦,૨૦૭ | ૫૩,૨૦૮ | ૫૨,૫૦૭ | ૫૦,૪૦૩ | ૪૭,૫૯૯ |
| રાજ્ય-કેન્દ્ર સરકારની કુલ સહાય રૂા. | ૧૮,૭૩૧ | ૩૭,૨૪૪ | ૫૫,૬૦૪ | ૬૪,૦૩૩ | ૭૨,૦૪૮ | ૭૯,૨૧૧ | ૧,૧૧,૮૧૩ | ૯૮,૮૧૬ | ૯૭,૫૧૩ | ૯૩,૬૦૫ | ૮૮,૩૯૭ |
| લાભાર્થીઓએ ચુકવવાની રકમ રૂા. | ૨૮,૦૯૬ | ૫૫,૮૬૬ | ૮૩,૪૦૭ | ૧,૧૮,૯૧૯ | ૧,૫૩,૧૦૨ | ૧,૮૪,૮૨૫ | ૩,૧૮,૨૩૭ | ૮,૫૧,૩૩૪ | ૧૭,૭૭,૭૩૭ | ૩૫,૦૬,૫૯૫ | ૫૦,૧૧,૪૫૩ |

ગૃપ હાઉસીંગ સોસાયટી (GHS) / રેસીડેન્શિયલ વેલ્ફેર એસોસિએશન (RWA) માટે ઉપરોક્ત કોષ્ટક લાગુ નહીં પડે.

વધુ જાણકારી માટે નીચે જણાવેલ વેબસાઈટ અને ટોલ ફ્રી નંબર પર સંપર્ક કરો.

| | | |
|---|---|---|
| ડીજીવીસીએલ - ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩<br>www.dgvcl.com ૧૯૧૨૩ | એમજીવીસીએલ - ૧૮૦૦ ૨૩૩ ૨૬૭૦<br>www.mgvcl.com ૧૯૧૨૪ | પીજીવીસીએલ - ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૩<br>www.pgvcl.com ૧૯૧૨૨ |
| અમદાવાદ તેમજ સુરત શહેર માટે<br>https://connect.torrentpower.com | ટોરેન્ટ પાવર લિમિટેડ - ૧૮૦૦ ૨૩૩ ૯૧૨૯<br>અમદાવાદ-૧૯૧૨૯ સુરત-૧૯૧૨૮ | યુજીવીસીએલ - ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૫<br>www.ugvcl.com ૧૯૧૨૧ |

નોડલ એજન્સી - ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગુજરાત સરકાર

વહેલા તે પહેલાના ધોરણે માર્ચ ૨૦૨૦ સુધીમાં ૨ લાખ કુટુંબોને લાભ મળશે

**સોલાર રૂફટોપ યોજનાનો લાભ લઈ, પર્યાવરણનું જતન કરીએ... શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**

## આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ બાજુનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
pro@ugvcl.com
mitesh@ugvcl.in